Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ આસો

હંમેશા પ્રેમલ અને સત્યભાષા બોલો,
બીજાઓ સાથે વિનય અને વિવેકપૂર્વક
રહો, ગરીબોને કંઈક આપતા રહો,
બીજાના ગુણો માટે રાજી થતાં રહો
તો આખોએ સંસાર તમારા વશમાં છે.

(જૈનાગમ)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૨ ] ઓકટોબર : ૧૯૭૫ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી દિવાળી પર્વનું સ્તવન ... | પૂ. આચાર્ય શ્રી વિજય દક્ષસૂરીજી | ૨૦૭ |
| ૨ | ભગવાન મહાવીર પ્રભુનું જન્મ કુંડલીનું સ્તવન ... | શ્રી વીરવીજયજી ઉપાધ્યાય | ૨૦૮ |
| ૩ | અબ્રહ્મ-મૃત્યુ ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૦૯ |
| ૪ | સન્માન સમારંભ ... | — | ૨૧૩ |
| ૫ | પ્રત્યુત્તર ... | ખીમચંદ ચાંપશી શાહ | ૨૧૯ |
| ૬ | સન્માન સમારંભ વખતે આવેલ સંદેશાઓ ... | — | ૨૨૩ |
| ૭ | સન્માન પત્ર ... | — | ૨૨૯ |
| ૮ | નિવૃત્તિ અને બહુમાન ... | — | ૨૩૧ |
| ૯ | પુસ્તક પરિચય ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૩૩ |
| ૧૦ | માંદાની માવજતનો મહિમા ... | રતિલાલ દીપચંદ દેસાઈ | ૨૩૫ |
| ૧૧ | સં. ૨૦૩૧ની સાલની વાર્ષિક અનુક્રમણિકા ... | — | ૨૩૭ |
| ૧૨ | પેટ્રનની નામાવલી ... | — | ૨૪૧ |



## આ સભાના નવા માનવંતા પેટ્રનો

**શ્રી શામલજી ફુલચંદ વસા વંથલી**

**,, વૃજલાલ રતિલાલ મુંબઈ**

## આ સભાના નવા આજીવન સભ્યો

**શ્રી જયંતિલાલ રતિલાલ મેતા ભાવનગર**

**,, હીંમતલાલ પ્રેમચંદભાઈ ,,**

**,, હીંમતલાલ ચાંપશીભાઈ ,,**

**,, કેશવલાલ મૂળચંદ વોરા ,,**

**,, જયેશકુમાર નવનીતરાય મુંબઈ**

**,, બાબુલાલ લલ્લુભાઇ દોશી ,,**

**,, સોરઠ વંથલી તપગચ્છ સંઘ વંથલી**

For Private And Personal Use Only

# આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. શામળજી ફુલચંદ વસા

## જીવનની ટૂંકી રૂપરેખા



જીવનમાં જેમણે અનેકવાર ચડતી પડતી, લીલી સૂકી, આઘાત પ્રત્યાઘાતો અનુભવ્યા છે, એવા શ્રી શામળજી વસાનો જન્મ આજથી લગભગ ૭૩ વર્ષ પહેલાં, ઇ. સ. ૧૮૯૦માં વંથળી (સોરઠ)માં, ત્યાંના સુપ્રસિદ્ધ અને જાણીતા શ્રેષ્ઠિ સ્વ. વસા ફુલચંદ જાદવજીને ત્યાં થયો હતો. તેમના માતુશ્રી સ્વ. કડવીબેન બગસરાના સુપ્રસિદ્ધ સ્વ. વોરા દયાળજીભાઇ દેવચંદ જેઓ અતિથિ સત્કાર માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં જાણીતા છે, તેમના ફઇબા થાય. વોરા કુટુંબનો 'અતિથિ સત્કાર'નો વારસો સ્વ કડવીબેનના પુત્રો શ્રી. શામળજીભાઈ, શ્રી. અમીલાલભાઇ તેમજ શ્રી. બાલુભાઇ તેમના ત્રણેય પુત્રોને પ્રાપ્ત થયો છે.

શ્રી. શામળજી વસાની વર્તમાન સુખી સ્થિતિને જ્યારે ભૂતકાળની તેમની પરિસ્થિતિ સાથે સરખાવીએ છીએ, ત્યારે એક સત્ય લાધે છે તે એ છે કે, કાળામાં કાળી ભોંયમાં જ સુંદરમાં સુંદર ફૂલ ઉત્પન્ન થાય છે અને ઊંચામાં ઊંચાં તથા મજબૂત ઝાડ, ખડકોમાંથી પણ ગગન તરફ આગળ વધે છે. ગરીબી કડવી અને તિરસ્કાર પાત્ર હોવા છતાં, તે કલ્યાણકારક હોય છે, એ વાત શ્રી. શામળજી વસાના જીવન પરથી જોઈ શકાય છે. આફતો અને આપત્તિઓ પાછલા જીવનમાં સુખકર થઇ પડતા હોય છે, કારણકે મુશ્કેલીઓની પાર જવાથી બોધ અને જ્ઞાન મળે છે એટલું જ નહિ, પણ તેનાથી જીવનમાં સામનો કરવાનું બળ પણ પ્રાપ્ત થાય છે. આ વસ્તુ શ્રી. શામળજી વસાના જીવનમાં પ્રત્યક્ષરૂપે જોઈ શકાય છે.

શ્રી. શામળજી વસાના ફઇબા તે સોરઠ વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિના અગ્રગણ્ય દાનવીર સ્વ શેઠશ્રી દેવકરણ મુલજીભાઇના ધર્મપત્ની પુતળી બહેન. શ્રી. શામળજી વસાએ પ્રાથમિક અભ્યાસ વંથળીમાં જ કર્યો તે પછી ફઇબાને ત્યાં આવી શિક્ષક ઘરે રાખી અભ્યાસ શરૂ કર્યો પણ તેમનું ધ્યેય માત્ર વકીલ કે ડોકટર બની રહેવાનું ન હતું. તેઓ મૂળથી જ સાહસિક, નીડર અને પુરુષાર્થી હતા. ભણતર ઓછું હોવા છતાં ગણતરનો પાર નહીં તેમનું ધ્યેય પ્રથમથી જ વેપારનું હતું, પણ સંજોગો અનુકૂળ ન હતા. નશીબ અજમાવવા આફ્રિકા જેવા દૂર દેશમાં જઈ આવ્યા, પણ નશીબે યારી ન આપી. શેકસપિયરે એક સ્થળે કહ્યું છે કે, સર્વોત્તમ મનુષ્ય તેના દોષ વડે. તેમની ભૂલો વડે જ ઘડાય છે. શ્રી. શામળજી વસા આજે જે રિદ્ધિસિદ્ધિ ભોગવી રહ્યાં છે, તે પણ ભૂતકાળમાં તેમણે જે નિષ્ફળતા–હતાશા ભોગવ્યાં છે, તેની જ પ્રસાદી રૂપે છે.

શ્રી. શામળજી વસાના પ્રથમ લગ્ન વંથળીમાં જ થયા હતા, પણ થોડા વરસોના ગૃહસ્થાશ્રમ પછી તેમના પત્નીનું અકાળે નિઃસંતાન અવસાન થયું. તે પછી ઈ. સ. ૧૯૩૩માં તેમના બીજા લગ્ન સુલતાનપુર નિવાસી કોરડીયા વનમાળીદાસ હરજીવનદાસની સુપુત્રી પ્રભાકુંવરબેન સાથે થયા. પત્ની જ પતિના ભાગ્યરૂપ છે. પુરુષ પોતાના પુરુષાર્થથી લક્ષાધિપાત બને કે કરોડાધિપતિ, પણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમાં પત્નીનું જ ભાગ્ય કામ કરતું હોય છે. શ્રી પ્રભાકુંવરબેન તપસ્વી, શાંત, નિર્મળ તેમજ સ્થિર બુદ્ધિના છે. પતિના સુખ દુઃખમાં જ તેમણે પોતાના સુખ દુઃખ માન્યા છે અને આવી આદર્શ નારી જ સાચા સુખની અધિકારીણી બને છે.

શ્રી. શામળજી વસાને બે સુપુત્રો અને ચાર કન્યા રત્નો છે. મોટા પુત્ર શ્રી. વસંતભાઈ અને નાના પુત્ર શ્રી. અનિલભાઈ. બંને પુત્રો ઉંમર લાયક હોય પિતાના ધંધાનો વ્યવસાય સંભાળી લીધો છે. શ્રી. શામળજી વસા તો હવે વાનપ્રસ્થ જીવન ગાળે છે. તેમની ચાર પુત્રીઓ-માંથી સૌથી નાના નીરુબહેન સિવાય શ્રી. શારદાબેન, શ્રી. જયશ્રીબેન અને શ્રી. ધનકુંવરબેનના લગ્ન થઈ ગયા છે.

સંવત ૨૦૧૨ની સાલમાં તેઓશ્રીએ પૂ. ભૂવનવિજયજી ગણિવર્યની નિશ્રામાં વંથળીથી પોરબંદર નજીક આવેલા બળેજા પાર્શ્વનાથનો છરી પાળતો એક ભવ્ય સંઘ ભારે ધામધૂમપૂર્વક કાઢ્યો હતો. વર્તમાનકાળમાં ધન પ્રાપ્ત કરવું સહેલું છે, પણ તેનો સદુપયોગ કરવો એ કાર્ય ભારે કઠિન છે. કાળ એવો વિષમ આવ્યો છે કે, માણસ ધન ભોગવવાને બદલે આજે પોતે જ ધનથી ભોગવાય છે. પરંતુ શ્રી શામળજી વસાએ ધન પ્રાપ્ત કર્યું અને તેનો સદુપયોગ પણ કરી જાણ્યો.

શ્રી. શામળજી વસાને બે બહેનો. મોટા બેન સ્વ. સુંદર બેન અને નાના બેન શ્રી. ચંપા-બહેન. શ્રી. સુંદરબેન અત્યંત પ્રતિભાશાળી, માયાળુ, ધર્મનિષ્ઠ અને સેવાભાવી હતા. વંથળીમાં વરસોથી શ્રી વર્ધમાન આબેલ તપ ખાતુ ચાલે છે, જે સ્વ. સુંદરબહેનની મહેનત અને પુરુષાર્થને આભારી છે. ઘેરે ઘેરે ફરી એ બહેને બધી તિથિઓની રકમ એકઠી કરી હતી. શ્રી. સુંદરબહેન આજે જીવન્ત ન હોવા છતાં તેઓ તેમના આવા અનેક સત્કાર્યો દ્વારા આજે પણ જીવન્ત જેવા જ છે. **नास्ति तेषां यशःकाये जरा मरणं भयं**–આવા પુણ્યાત્માઓની યશઃકાયાને જરા અને મૃત્યુનો ભય હોતો નથી.

ધન કમાવાની ધૂનમાં ધર્મની દિશામાં શ્રી. શામળજી વસાનું લક્ષ બહુ ઓછું હતું. જૈન સાધ્વી યાકિની મહત્તરાના મુખેથી નીકળેલી ગાથા શ્રીમદ્ હરિભદ્રસૂરિજી સમજી ન શક્યા, એટલે તે સાધ્વીને ગુરુ માન્યા અને દીક્ષા લીધી. એ સાધ્વીજીનું સતત સ્મરણ જાળવી રાખી શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ પોતાના દરેક ગ્રંથમાં પોતાના માટે 'મહત્તરાયાકિની સૂત્ર–ધર્મપુત્ર' એવું વિશેષણ વાપર્યું છે એ જ રીતે, પૂ. સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી (વાગડવાળા સંપ્રદાય જેઓ હાલ પત્રિ-કચ્છમાં ચોમાસું છે ના સમાગમમા આવ્યા પછી, પારસમણિના સ્પર્શથી કથિર જેમ સોનું બની જાય છે, તેવું જ પરિવર્તન શ્રી શામળજી વસાના જીવનમાં થયું છે. પૂ સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજીને તેઓ પોતાના પરમ ઉપકારી ગુરુ અને અત્યંત પૂજ્ય માને છે.

શ્રી શામળજી વસએ વંથળી જૈન તપાગચ્છના પ્રમુખપદે રહી પોતાની સેવા આપી છે ગાયમાતા પ્રત્યે તેમની અનન્ય ભક્તિ છે. ગૌશાળામાં રસ લઈ દુષ્કાળના વખતમાં તેમણે અનેક ગાયોને કતલખાને જતા બચાવી છે. ગાયો પ્રત્યેનો તેમનો પ્રેમ માતૃભક્તિ સાથે સરખાવી શકાય તેવો છે. ધન આપવું એ એક વાત છે, પણ તન–મન–ધન પૂર્વક ગાયોની સેવા કરવી એ દુર્લભ વાત છે. પૂર્ણ પુણ્યનો ઉદય હોય તેને જ આવા સત્કાર્યો સૂઝે છે.

શ્રી શામળજી વસા જેવા સેવાભાવી, ધર્મપ્રેમી અને કર્તવ્યનિષ્ઠ મહાનુભાવને પેટ્રન તરીકે પ્રાપ્ત કરવા અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેઓ દીર્ઘ તન્દુરસ્ત જીવન સાથે અનેક શુભ કાર્યો કરતા રહે એવી શુભ મનોકામના સેવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ આસો .·. ઈ. સ. ૧૯૭૫ ઓકટોમ્બર [ અંક : -૧૨

# શ્રી દિવાલીપર્વનું સ્તવન

હે ભવિયા ! ભજો વીરને, ઉમંગે રંગે આજે,<br>
જગદિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. (ટેક)

શિવપદ જે રાતમાં પામ્યા, શ્રી વીરજિણંદ રે,<br>
શુભ કેવળીવળી વિશ્વે, ગૌતમ મુણીંદ રે;<br>
રત્નતણી દીપમાળ થકી, રાત તે રાજે,<br>
જગદિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. (૧)

વીરરૂપી ભાવ દીવો, ભરત ક્ષેત્ર થકી ગયો,<br>
જેથી દ્રવ્ય દિવાલીથી, ઉદ્યોત વિશ્વે થયો;<br>
જન્મ્યું દિવાલી પર્વ, ત્યારે સારા સમાજે,<br>
જગદિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. (૨)

વિભુ શ્રી વીર મુક્તિનું, અનોખું પર્વ રાજે,<br>
વંદન હો હઝારોને તે, દેવાધિ દેવને આજે;<br>
દક્ષ કહે આત્મ લક્ષ્મી, વિસ્તારને કાજે,<br>
જગદિલમાં દિવાલી છે, આજે હરખે સૌ ગાજે. (૩)

—પૂ. આચાર્યશ્રી વિજયદક્ષસૂરીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર પ્રભુનું જન્મકુંડલીનું સ્તવન

રચયીતાઃ—શ્રી વીરવિજયજી ઉપાધ્યાય

અવતરણઃ—શાહ મનસુખલાલ જગજીવનદાસ–રાજકોટ

સેવર્ધીસ ચઉધેરીયા અલબેલેસાઇ કયું રે લગાવો અતીદેરીયાં........એ આંકણી

દીએ બીના ન ચલે છોરૂ ન પીછે વલે. બાબત–આપ ઉછેરીયા,
ભાગ્ય અતુલ બલી માંગત અટકલી જન્મ બલીગ્રહ ચારીયા. એ૦ ૧

સર્વંત પાસઈસ દોશત અડતાલીસ ઉજ્વલ ચૈત્ર તેરશે,
સાઠ ઘડી નરૂલી, ઉત્તરા ફાલગુની મંગળવાર નીશા વસે. એ૦ ૨

સિદ્ધિ યોગ એક ઘડી પન્નર ચારે ચડી, વેલા મુહુર્ત ત્રેવીસમે,
લગ્ન મકર વહે સ્વામી, જન્મ લહે જીવ સુખી સહુ તે સમે. એ૦ ૩

મંગલ કેતુ લગ્ને, રવી બુધ ચોથે ભુવને દશમે શનીશ્વર ઉચકો,
ત્રીશલા રાણીએ જાયો દેવ દેવીએ ગાયો સુત સિદ્ધારથ ભુપકો. એ૦ ૪

પંચમે જીવ રાહુ સાતમે વેદ સાહુ કેન્દ્ર ગ્રહ મંડલી,
ભાગ્ય ભુવને શશી, શુક્ર સંતાન વસી મેઘ હવા એક વિજલી એ૦ ૫

ચંદ્ર દશા વિપાકો માસ ભુવન બાકી, જન્મ દીશા શની સજમી,
ગુરૂ મહાદશામે કેવલ જ્ઞાન પામે તામુખ બાની મેરે દીલવસી. એ૦ ૬

સ્થાવર વિગલમેં કાલ અનંતભયે મેરી નીકલીયા સાથમેં
નારકતિરો ગતી–સુખ ન એકરતી–કાલ નિગમીયો અનાથમેં. એ૦ ૭

બહોત મેં નાચ નચે ચિહુ ગતી ચો બીઅમેં નેકી ન મેલીયે નાથજી,
પોત પ્રકાશ દીયો આશ નિરાશ કીયો અલગ કીયા મેં આજથી. એ૦ ૮

માનવ ગુણ લહી તુમ સન્મુખ રહી–બેર બેર શીવ માંગીયે,
બાત ઔર ન કહું લીયે બીના ન રહું બાલ હૃદયે રસ લાગીયે. એ૦ ૯

નાથ નજર કરો બેર ન એક ઘડી, સદા મગન સુખ લહેરમેં,
મંગલ તુરવરા, ગાવત અપ્સરા, શ્રી શુભવીર પ્રભુ મહેરમેં. એ૦ ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અબ્રહ્મ-મૃત્યુ[1]

લે. મનસુખલાલ તારાચંદ મહેતા.

શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ નંદ રાજાના વખતમાં થઈ ગયેલા ચાણક્ય અને સુબંધુની વાત દ્વારા પ્રતિપાદન કર્યું છે કે, ભોગ પદાર્થો તજી કઠોર જીવન ગાળવામાં જો એવો ત્યાગ પરાણે આચરવો પડતો હોય, તો એ સાચો ત્યાગ નથી. પાણીના સખત પૂરમાં મજબૂત બાંધેલો બંધ પણ જેમ તૂટી જાય છે, તેમ આવો ત્યાગ તેના આચરનારને કોઈ વખત દગો દે છે. મહાભારતમાં આવેલી પાંડુ રાજાની વાત પણ આવીજ છે.

મત્સ્યગંધા, મહાભારતની આદ્યજનની એક માછીમારની કન્યા હતી પિતાની એકની એક અત્યંત લાડકી પુત્રી અને રૂપનો કોઈ પાર ન હતો. ખરેખર ઉકરડે રતન હતું. તેના લગ્ન થયા તે પહેલાં પિતાની ગેરહાજરીના કારણે, પરાશર મુનિને નાવમાં બેસાડી તે જમના નદી પાર કરી રહી હતી. માછીમારની કન્યા હતી એટલે આ વિદ્યામાં પ્રવિણ હતી. એ વખતે ન બનવા જેવું બની ગયું, જેને પરિણામે તે પરાશર મુનિના પુત્રની માતા કૌમાર્ય અવસ્થામાં જ બની. આ પુત્ર તેજ મહર્ષિ વ્યાસ. મહર્ષિ વ્યાસ એ પરાશર મુનિ અને મત્સ્યગંધાનું અણમૂલ રત્ન.

અયોધ્યાના રાજા શંતનુ હતા. સ્વર્ગની એક અપ્સરાને કોઈ અપરાધની શિક્ષારૂપે માનવ લોકમાં આવવું પડ્યું. તેનું નામ ગંગા. ગંગાના લગ્ન શંતનું રાજા સાથે થયા. પણ શિક્ષાનો સમય પૂરો થતાં ગંગા તો અલોપ થઈ ગઈ. તેનો એકનો એક પુત્ર તે દેવવ્રત. દેવવ્રત પાછળથી ભીષ્મ પિતામહ તરીકે પ્રસિદ્ધ થયા. ગંગાના અલોપ થઇ ગયા પછી શંતનું જીવન નિષ્પ્રાણ અને નિષ્ક્રિય બની ગયું. રાજાએ દેવવ્રત ઉંમર લાયક થયો એટલે તેનો યુવરાજપદે અભિષેક કર્યો.

યમુના નદીના નજીકના વનમાં શિકાર કરતાં એક વખત રાજાની દૃષ્ટિ મત્સ્યગંધા (તેના બીજા પણ નામો જેવા કે સત્યવતી, યોજનગંધા, ગંધવતી, કાલી ઈત્યાદિ પણ છે) પર પડી અને રાજા પોતાની શુદ્ધ બુદ્ધ ગુમાવી બેઠો. પરાશર મુનિએ સત્યવતીને વચન આપેલું કે મારા બાળકની માતા થવા છતાં લોકોની દૃષ્ટિએ તું કુંવારી જ ગણાશે. સ્વર્ગની શાપિત અપ્સરા સાથે બેએ દાયકાઓ સુધી ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી, એક માછીમાર કન્યા સાથે લગ્ન કરવું તેને ન છાજે એ અંગે તેના મનોમનમાં તુમુલ યુદ્ધ તો જરૂર થયું હશે, પરંતુ પ્રેમ અને યુદ્ધમાં નીતિ નિયમોનું પાલન ભૂલી જવાય છે. મદિરાના નશાની માફક પ્રેમનો પણ ઉન્માદ ચઢતો હોય છે. આવા પ્રેમના કારણે તો અનેક મહાન રાજવીઓએ પોતાના રાજપાટ ન્યોછાવર કરી દીધાં છે. પરંતુ સત્યવતીના પિતા ધીવરરાજની પોતાની પુત્રીના લગ્ન રાજા સાથે કરી આપવા માટેની શરત ભારે આકરી હતી. સત્યવતીને જે પુત્ર થાય તેજ હસ્તિનાપુરનો રાજવી બને એવી ધીવરરાજની શરત હતી. શંતનું સત્યવતીના રૂપમાં મુગ્ધ બની ગયો હતો એ સાચું, પણ તેનામાં માનવતા હતી, સારાસારનું તેને ભાન હતું. રાજગાદી પર સાચો હક્ક તો દેવવ્રતનો હતો, પોતાની ભોગેચ્છાની તૃપ્તિ અર્થે દેવવ્રતનો હક્ક કેમ ડૂબાડાય?

સત્યવતી સાથે લગ્ન કરવાની તીવ્ર ઇચ્છા છતાં તેના પિતાની શરત મંજુર રાખવા શંતનુની

---

૧. તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી ઉમાસ્વાતિ મહારાજે મૈથુન પ્રવૃત્તિને અબ્રહ્મ કહેલ છે. (તત્ત્વાર્થ અ. ૭–૧૧) એક ઋષિ મુનિ અને એક મહાન રાજવીનો કેવો કરુણ દેહાંત મૈથુન પ્રવૃત્તિના કારણે થાય છે, તે દર્શાવતી મહાભારતની આ એક ઐતિહાસિક કથા છે, તેથી 'અબ્રહ્મ-મૃત્યુ'નું શીર્ષક આપ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયારી ન હતી. દિવસે દિવસે તે નબળો પડતો ગયો. વાત એવી નાજુક હતી કે ન કોઈને કહી શકાય ન સહી શકાય. પિતૃભક્ત દેવવ્રતને આ વાતની જાણ થઈ, એટલે તુરત જ ધીવરરાજ પાસે પહોંચી ગયો. પોતે રાજગાદીનો હક્ક જતો કરવા તૈયાર થયો અને સત્યવતીના પુત્રને જ રાજગાદી મળે એવી બાંહેધરી આપી. પણ ધીવરરાજને એની પુત્રીએના પ્રાણ કરતાં પણ અધિક પ્રિય હતી. દેવવ્રત તો રાજનો હક્ક જતો કરવા તૈયાર હતો, પણ ભવિષ્યમાં તેને પુત્ર થાય તે સત્યવતીના પુત્રનો હક્ક ડુબાવી રાજગાદીનો દાવો કરે તો શું થાય? એવી દલીલ ધીવરરાજે કરી. એ જ વખતે દેવવ્રતે પ્રતિજ્ઞા કરી કે આ પળથી હું આજીવન બ્રહ્મચર્યવ્રત ધારણ કરું છું. એ વખતે અન્તરિક્ષમાંથી દેવો, અપ્સરાઓ અને ઋષિમુનિઓએ દેવવ્રત પર પુષ્પ વૃષ્ટિ કરી અને બોલી ઊઠ્યાં કે "આ તો ભીષ્મ છે." આજે પણ 'ભીષ્મ' શબ્દ પ્રતિજ્ઞાનું વિશેષણ બની ગયું છે. ભીષ્મની પ્રતિજ્ઞા એટલે ન ભૂતો ન ભવિષ્યતિ. ભીષ્મ નૈષ્ઠિક બ્રહ્મચારી બની ગયા. પિતાના સુખ રૂપી એક ભવ્ય આદર્શ અર્થે તેમણે બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું અને પછી તો પિતાનું સુખ જ એમનું બ્રહ્મ બની ગયું.

પછી તો શંતનું રાજા અને સત્યવતીના લગ્ન થયા અને તેને બે પુત્રો થયા. મોટો પુત્ર તે ચિત્રાંગદ અને નાનો પુત્ર વિચિત્રવીર્ય. પુત્રોની બાલ્યાવસ્થામાં જ શંતનુ રાજાનું મૃત્યુ થયું. તેના પછી તેનો પુત્ર ચિત્રાંગદ રાજા થયો. એક ગન્ધર્વ સાથેના યુદ્ધમાં ચિત્રાંગદ મૃત્યુ પામ્યો. પોતાના નાના ભાઈની અંતિમ ક્રિયા પતાવી, ભીષ્મે વિચિત્રવીર્યને ગાદીએ બેસાડ્યો. વિચિત્રવીર્ય બહુ નાની ઉંમરનો હતો એટલે માતા સત્યવતીની સલાહ સૂચના મુજબ ભીષ્મ રાજ્યનું પાલન કરવા લાગ્યા. વિચિત્રવીર્ય મોટો થતાં ભીષ્મ નાના બંધુના લગ્ન માટે, કાશીના રાજાની અત્યંત સુંદર પુત્રીઓના સ્વયંવરમાં ગયા અને ત્યાંથી રાજાની ત્રણ પુત્રીઓમાંથી બે પુત્રીઓ અમ્બિકા અને અમ્બાલિકાનું હરણ કરી આવ્યા. અયોધ્યામાં આવી બંને બેનોનાં લગ્ન વિચિત્રવીર્ય સાથે ધામધૂમપૂર્વક કર્યા.

લગ્ન પછી રૂપવતી સ્ત્રીઓમાં વિચિત્રવીર્ય કામી બની ગયો. યૌવાવસ્થામાં જે અતિ કામી હોય તેની પર ક્ષય દર્દની તરવાર લટકતી હોય છે. વિચિત્રવીર્યને પણ ક્ષય થયો અને શક્ય એવા તમામ ઉપચારો કર્યા છતાં તેનું કરુણ મૃત્યુ થયું. દુઃખમાં ડૂબેલી અને નિરાધાર સત્યવતીની દૃષ્ટિ, રાજગાદી માટે જેના હક્ક છીનવી લેવામાં આવ્યા હતા, તે જ ભીષ્મ પર ગઈ. એ યુગમાં એવી પ્રથા પ્રચલિત હતી કે કોઈ યુવાન સ્ત્રીનો પતિ નિઃસંતાન મૃત્યુ પામે તો, તે વિધવા અન્ય પુરુષની સહાય દ્વારા સંતતિ પ્રાપ્ત કરી માતા બની શકે. સત્યવતીએ આ કાર્ય માટે ભીષ્મની જ પસંદગી કરી. માતાની આવી વાત સાંભળી તે કમકમી ઉઠ્યો. વિષણ્ણ હૈયે તેણે કહ્યું: 'માતા! બ્રહ્મચર્યની લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરી હું જીવતો રહું તો મારા માટે મૃત્યુ કરતાં પણ એ જીવન બદતર છે. યમુના કાંઠે જે દિવસે બ્રહ્મચર્યનું વ્રત ધારણ કર્યું, એજ ઘડીએ મારી ભોગવૃત્તિનું પણ મૃત્યુ થયું. હવે એ સજીવન ન થઈ શકે.' માતાને સલાહ આપતાં કહ્યું "કોઈ સુયોગ્ય બ્રાહ્મણ દ્વારા નિયોગના રસ્તે સંતતિ ઉત્પન્ન થાય એવી યોજના કરવી જોઈએ."

એ યુગમાં લોકો સંતતિ માટે ઝંખતા અને નિઃસંતાન યુવાન વિધવા સ્ત્રીઓ માટે આ માર્ગ અપનાવતા. અલબત્ત, આવો માર્ગ આપદ્ ધર્મ રૂપેજ અપનાવવામાં આવતો સત્યવતીને એ વખતે કૌમાર્ય અવસ્થામાં પારાશર મુનિથી ઉત્પન્ન થયેલો પોતાનો પુત્ર વ્યાસજી યાદ આવ્યો. વ્યાસજી શંતનુંનો પુત્ર ન હોવા છતાં સત્યવતી તેની માતા તો હતી જ. માતાની આજ્ઞા વ્યાસજીએ કબૂલ રાખવી પડી. પરિણામે અંબિકાએ જે પુત્રને જન્મ આપ્યો તે ધૃતરાષ્ટ્ર કહે છે કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિયોગ સમયે અંબિકા વ્યાસજીની વિરૂપતા સહન ન કરી શકી તેથી આંખો વીંચી ગઈ. આ કારણે ધૃતરાષ્ટ્ર અંધરૂપે જ જન્મ્યાં. એવી જ રીતે અમ્બાલિકા પણ વ્યાસજીનું રૂપ જોઈ ફિક્કી પડી ગઇ અને પરિણામે જે પુત્ર જન્મ્યો તે જન્મથીજ ફિક્કો હતો, તેથીજ તેનું નામ પાંડુ રાખવામાં આવ્યું. ધૃતરાષ્ટ્ર મોટો હોવા છતાં અંધ હોવાથી રાજપદનો અધિકારી પાંડુ બન્યો.

ધૃતરાષ્ટ્રના લગ્ન ગાન્ધારરાજ સુબલની પુત્રી ગાન્ધારી સાથે થયા. પોતાનો પતિ અંધ છે એ વાત જેવી ગાંધારીએ જાણી, કે તરતજ જે સુખ મારા પતિના ભાગ્યમાં નથી એ સુખ મને પણ ન જોઇએ એવો નિશ્ચય કરી પોતાની આંખે પાટા બાંધી દીધા. પાંડુના લગ્ન યદુવંશમાં શૂર નામે એક યાદવ શ્રેષ્ઠિની પુત્રી પૃથા સાથે થયા. પૃથા તેના પિતાના ફઈના પુત્ર કુન્તીભોજને ત્યાં મોટી થઇ એટલે તે કુન્તા તરીકે પ્રસિદ્ધ થઈ. કુન્તાનો ઇતિહાસ પણ મહદ્ અંશે સત્યવતીને મળતો છે. કુન્તાનું રૂપ અલૌકિક હતું. કુન્તા તપસ્વીની હતી, લઘુ વયેજ તપ કરી તેણે દુર્વાસા મુનિ પાસેથી એક મંત્ર પ્રાપ્ત કર્યો હતો. આ મંત્રનો જપ કરવાથી તે ઇચ્છે તે દેવ તેની સમક્ષ હાજર થાય અને તેનાથી પુત્ર પ્રાપ્ત કરી શકે. કૌમાર્ય અવસ્થામાં જ મંત્રની કસોટી કરવા તેણે સૂર્યદેવની ઇચ્છા કરી. આ દેવથી તેને પ્રાપ્ત થયો તે પુત્ર કર્ણ. પણ એ પુત્રની કોઇને ખબર ન પડે તે રીતે તેને પેટીમાં મૂકી નદીમાં વહેતો મૂકી દીધો. જીવવા માટે દંભ કયારેક અનિવાર્ય બની જતો હોય છે. કોઈ નિઃસંતાન સારથી દંપતીના હાથમાં એ પેટી આવી અને કર્ણ તેના પુત્ર તરીકેજ મોટો થયો. ભીષ્મે પાંડુના લગ્ન એક બીજી કન્યા સાથે પણ કરાવ્યા. તેનું નામ માદ્રી–રૂપમાં સાક્ષાત્ રતિ જેવી હતી.

પાંડુએ અનેક દેશો પર વિજય મેળવી શંતનું રાજાની કીર્તિ ફરી પ્રાપ્ત કરી, પણ જન્મથી જ તે ફિક્કો હતો. પાંડુ, પાંડુ (એનિમિયા) રોગનો દર્દી હતો, તેથીજ તેનું નામ પાંડુ રાખવામાં આવ્યું હતું. દાદાની કીર્તિ પુનઃ પ્રાપ્ત કરી પાંડુરાજા તેની બંને પત્નીઓ સહ હિમાલય પર્વતના દક્ષિણ પ્રદેશના એક સુંદર શાલવનમાં રહેતો હતો. પાંડુ એક વખત મૃગયા અર્થે ગયેલાં ત્યારે દૂરથી મૃગ–મૃગલીનું જોડું કામ ક્રીડામાં લીન હોય એવો ભાસ થયો. પાંડુએ તીર માર્યું અને મૃગ જેવું દેખાતું પ્રાણી ઘાયલ થયું, પણ નજીક જઈને જોયું ત્યારે ખબર પડી કે એ તો કિંદમ મુનિ હતા. પાંડુને ભારે પશ્ચાત્તાપ થયો. શ્રવણના માતા પિતાએ, દશરથના હાથે પોતાના પ્રિય પુત્રનું મૃત્યુ થયાનું જાણ્યું અને જેવો શાપ આપેલો, તેવો જ શાપ મુનિએ પાંડુને આપતાં કહ્યુંઃ 'જે પરિસ્થિતિ અને સંજોગોમાં મારૂં મૃત્યુ થાય છે, તેવું જ મૃત્યુ તને પણ પ્રાપ્ત થવાનું જ.' આને શાપ કહો કે કર્મનું ફળ કહો બધું જ સરખું છે.

પાંડુએ તે જ વખતે બ્રહ્મચર્ય પાળવાનો સંકલ્પ કર્યો. શાપ મળ્યાં પછી મૃત્યુને દૂર રાખવા માટે આવો સંકલ્પ જરૂરી હતો પરંતુ ભવ્ય ઈમારતનો પણ પાયો નબળો હોય તો તેવી ઇમારતને ધરાશયી થતાં વાર નથી લાગતી. કહેવાય છે કે પાંડુના અતિ આગ્રહના કારણે, કુંતાની પાસેના મંત્રની મદદથી તેણે ધર્મ–વાયુ–ઇંદ્ર દેવો દ્વારા જે ત્રણ પુત્રો પ્રાપ્ત કર્યાં તે જ મહાભારતના મુખ્ય પાત્રો યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન. કુન્તાએ એ જ મંત્ર માદ્રીને શીખવી તેને પણ બે પુત્રો પ્રાપ્ત કરાવ્યા. આ બે પુત્રોના નામો સહદેવ અને નકુળ હતા. આ બંને પુત્રો અશ્વિની કુમારોની સહાય દ્વારા ઉત્પન્ન થયા હતા.

પાંડુરાજા શૂરવીર, ઉદાર, ધર્મપ્રેમી અને પ્રેમાળ હતો. કિંદમ મુનિના શાપ પછી તે સંયમી બની ગયો. સ્ત્રી સંગથી દૂર રહેતો કારણ કે સ્ત્રી સંગ એટલે તેના માટે મૃત્યુ. કુન્તા અને માદ્રીએ પણ એવી રીતે પોતાના જીવન બનાવી દીધાં કે પાંડુની એવી વાસનાને જરા પણ ઉત્તેજન ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મળે. માણસ ગમે તેટલી સાવચેતી પૂર્વક જીવન જીવે, પણ નિયતિમાં નિર્માણ થયેલું બન્યા વિના નથી રહેતું.

વસંતઋતુના દિવસો હતા. એક રળિયામણી સાંજે કુન્તાએ માદ્રીને કહ્યું કે બાળકોને હું સાચવું છું, તું બહાર ફરી આવ. બંનેમાંથી કોઇ પાંડુ સાથે તો બહાર જતા જ નહીં. ભાવિ ક્યારે માનવીને ભૂલાવે છે તે નથી સમજી શકાતું. માદ્રી આમ તો રૂપનો કટકો હતી, પણ એ રૂપ પતિની દૃષ્ટિએ ન પડવા દેતી. તે દિવસે કોણ જાણે શું સૂઝયું કે ઠઠારો કરીને ફરવા નીકળી પડી. ફરીને પાછા ફરતાં સાંજ પડી ગઇ અને રસ્તામાં જ પાંડુરાજાનો ભેટો થઇ ગયો. સંયમી જીવન જીવવું એ ઉત્તમ છે પણ સહેલું નથી. સંયમ જો જીવનમાં સ્વાભાવિક રૂપ ન બની જાય અને બળજબરી કે ભયથી તેનું પાલન થતું હોય, તો કોઇને કોઇ દિવસ એવો સંયમ માણસને દગો દઇ બેસે છે. દબાવી રાખેલી વિષય વાસના કોઇ વખત એવો ઉછાળો મારે છે કે જેથી સંયમની પાળ તૂટી પડે છે.

જંગલમાં જેમ એકાએક દવ ફાટી નીકળે છે તેમ માદ્રીને જોઇ પાંડુનાં દેહમાં કામરૂપી અગ્નિ ફાટી નીકળ્યો. આમેય ક્ષયના દર્દીઓની કામવાસના સતેજ હોય છે. માદ્રીએ કિંદમમુનિનો શાપ યાદ કરાવી દયાર્દ્રભાવે કહ્યું કે તમારા માટે તો મૈથુન અને મૃત્યુ બંને બરોબર છે. એ વાતથી દૂર રહેવા આજીજી કરતાં કહ્યું: "અગ્નિવડે જેમ અગ્નિનું શમન ન થઈ શકે તેમ ભોગથી તૃપ્તિ થવાને બદલે ભોગવૃત્તિ ઉલટી વકરે છે. અને વિચાર તો કરો, ભોગના કારણે ન બનવા જેવું બની જશે તો લોકો મારા પર કેવો ફીટકાર વરસાવશે ? લોકો મારા નામ પર થૂંકશે એનો પણ તમને કશો વિચાર નથી થતો ? અનાદિ કાળથી સ્ત્રીનું લોહી હલકું માનવામાં આવે છે, એટલે લોકો તો એમ જ માનશે કે મેં તમને લલચાવ્યા અને ઉન્માર્ગે ચડાવ્યા. એકાદ બે ક્ષણનો ક્ષુલ્લક આનંદ તમારો અને સાથે મારો નાશ નોતરશે."

પણ માદ્રીની કોઇ પણ દલીલ કામ ન આવી. વૈરાગ્ય વિનાનો ત્યાગ પાણીના પરપોટા જેવો છે, એ ટકી શકતો નથી. પતિ પોતે જ જ્યાં ભાન ભૂલે ત્યાં સતી પણ શું કરી શકે ? કામવૃત્તિ ગમે તેવા ડાહ્યાને પણ અંધ બનાવે છે અને એવો માણસ પછી પોતાની શુદ્ધ બુદ્ધ ખોઇ બેસતો હોય છે. પાંડુનું પણ એમ જ બન્યું. ભાવિના લેખ મિથ્યા થતા નથી. શાપિત પાંડું મૈથુનના કારણે મરણને શરણ થયો અને કુન્તા તેમજ માદ્રી બંને વિધવા થઈ.

અયોધ્યામાં અને સર્વત્ર આ વાત જાણવામાં આવી ત્યારે હાહાકાર ફેલાઇ ગયો. માતા સત્યવતી પણ ત્યારે હયાત હતા. પોતાના બંને પુત્રો તો તેને અધવચે જ મૂકી વિદાય થયા હતા, પણ હવે બે વિધવા પૌત્ર વધૂઓને મૂકી પાંડુનો પણ દેહોત્સર્ગ થઇ ગયો. તેના માટે જીવન બોજારૂપ બની ગયું, કારણ કે આવા કાતિલ ઘા જીવનભર રુઝાયા વિના પીડા આપ્યા જ કરે છે.

કુન્તા મોટી હતી એટલે બાળકો માદ્રીને સોંપી તે સતી થવા તૈયાર થઇ માદ્રીએ રડતાં રડતાં કહ્યું: "આપણા પતિનું મૃત્યુ મારા નિમિત્તે થયું છે, માટે સતી થવાનો મારો હકક છીનવી ન લેતાં મને રજા આપો મોટી બહેન ! જે બાળકોને મોટા કરવાની મારી ફરજ હતી, તે બોજો હું અભાગણી તમારા શીરે નાખતી જાઉં છું. તમારી કૃપા વડે જ મને બે બાળકો પ્રાપ્ત થયા એટલે સાચી રીતે તો તમે જ પાંચે સંતાનોની માતા છો."

આ રીતે માદ્રી પતિ સાથે સતી થઇ અને કુન્તા તે દિવસે ત્રણને બદલે પાંચેય સંતાનોની માતા બની ગઇ. કેવો વિચિત્ર સંસાર છે ? આ બધું આપણે જોઇએ છીએ, સમજીએ છીએ પણ જે ઘરડ પૂર્વક જીવન જીવીએ છીએ તેમાંથી મુક્ત થવાને બદલે બંધાવાનું જ આપણને ગમે છે !



For Private And Personal Use Only

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# સન્માન–સમારંભ




શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ખીમચંદભાઇ ચાંપશી શાહનું બહુમાન કરવાનો એક સન્માન સમારંભ તા. ૨૧–૯–૭૫ના રોજ સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી વિનયકાન્ત મહેતાના પ્રમુખપદે યોજાયો હતો. આ સભામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ શ્રી હરસુખભાઈ સંઘવી તેમજ જાણીતા ઉદ્યોગપતિ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા આ સભામાં જૈન સંઘના આગેવાનો તથા પ્રાધ્યાપકો તથા સભાના તથા મુ. શ્રી ખીમચંદભાઈના શુભેચ્છકો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શરૂઆતમાં મહિલા કોલેજની બહેનોએ નવકાર મંત્રનું મંગળાચરણ કરી મંગળ શ્લોકો ગાયા હતા.

ત્યારબાદ શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ આમંત્રિત અતિથિઓ તથા અન્ય શ્રોતાગણનું હાર્દિક સ્વાગત કરી સંસ્થાના કાર્યનો તેમજ સંસ્થાના કાર્યવાહકો તથા સંસ્થાના પ્રકાશન વગેરેનો ખ્યાલ આપ્યો હતો. મુ. શ્રી ખીમચંદભાઇ વિશે બોલતા તેઓએ જણાવ્યું હતું કે શ્રી ખીમચંદભાઇના જ્ઞાન અને અનુભવનો સંસ્થાના વિકાસમાં ઘણો મોટો ફાળો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારબાદ શ્રી કાન્તિલાલ જ. દોશીએ સમારંભના પ્રમુખશ્રી તથા બન્ને અતિથિવિશેષનો પરિચય આપતા જણાવ્યું હતું કે ત્રણે મહાનુભાવો જ્ઞાનપ્રેમી છે અને જ્ઞાન પ્રચારના કાર્યને વરેલા છે. સમારંભના પ્રમુખશ્રી સ્ટેટ બેન્કના મેનેજર તરીકેની ફરજ નિષ્ઠાપૂર્વક અને કુશાગ્રતાથી ચલાવે છે અને સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની આજે જે અનેક શાખા પ્રશાખાઓ ફાલીફૂલી છે તે એમની કાર્યદક્ષતાને આભારી છે. તેમના મુખ્ય વ્યવસાય ઉપરાંત તેમને ક્રિકેટ, ટેનીસ, વોલીબોલ જેવી રમતોનો શોખ છે તેમજ વાચન અને જ્ઞાન પ્રાપ્તિમાં ઊંડો રસ છે. આવા પ્રમુખ આ સમારંભ માટે અમને મળ્યા એ અમારૂં સદ્ભાગ્ય છે.

અતિથિવિશેષ શ્રી હરસુખભાઈનો પરિચય આપતા શ્રી દોશીએ કહ્યું કે તેઓશ્રી ભાવનગરમાં સ્નાતક થયા છે અને પછી કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી પ્રથમ કાયદા ક્ષેત્રમાં ઝુકાવ્યું, અને મોરબી સ્ટેટમાં ચીફ જસ્ટીસ પણ બન્યા. તે પછી તેઓએ કેળવણી ક્ષેત્રમાં પ્રવેશ કર્યો અને રાજકોટની ધર્મેન્દ્ર કોલેજના પ્રિન્સિપાલ તરીકે સફળ સંચાલન કર્યું. તે પછી વીરાણી ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તે ટ્રસ્ટની કોલેજના વિકાસમાં ઊંડો રસ લઇ પોતાના અનુભવ જ્ઞાનનો લાભ આપે છે. તેઓના પિતાશ્રીના નામથી રાજકોટમાં શ્રી સંઘવી લો કોલેજ ચાલે છે તેના સંચાલનમાં પણ તેઓ ઊંડો રસ લઇ સહકાર આપે છે. હાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકે યુનિવર્સિટીના વિકાસ માટે પોતાની શક્તિની માનદ સેવાઓ આપી રહ્યા છે. તેઓનો હંમેશા સાથ અને સહકાર મળતો રહે એવી આશા દર્શાવી હતી.

ત્યારબાદ અન્ય અતિથિવિશેષ શ્રી વાડીલાલભાઈનો પરિચય આપતા તેમણે જણાવ્યું હતું કે કેળવણી, સમાજ કલ્યાણ, અને દેશભક્તિના ક્ષેત્રે તેમણે અજોડ સેવા આપી છે અને આપી રહ્યા છે આ સંસ્થા પર તેમને ખાસ મમતા છે અને અવારનવાર અમારા કાર્યમાં સાથ અને સહકાર આપતા રહે છે. તે પછી સંસ્થાના કાર્યનો તેમજ સંસ્થાના ઉપ-પ્રમુખનો ટૂંક પરિચય આપ્યો હતો.

ત્યારબાદ શ્રી ચીમનલાલ વર્ધમાન શાહે બહાર ગામથી આવેલા શુભેચ્છાના સંદેશાઓનું વાંચન કર્યું હતું. તેમાં મુખ્યત્વે શ્રી ભાવનગર જૈન સંઘના પ્રમુખ શ્રી ભોગીભાઇ, સૌરાષ્ટ્રના માજી નાણાં પ્રધાન શ્રી જગુભાઇ પરીખ, માયસોર યુનિવર્સિટીના જૈનોલોજી અને પ્રાકૃતના અધ્યક્ષ શ્રી એ. એન. ઉપાધ્યે તથા એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી મુંબઇના વાઇસ-ચાન્સેલર ડૉ. શ્રી માધુરીબેન શાહ વગેરેના સંદેશાઓ હતા.

ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મનસુખલાલભાઈ મહેતાએ સંસ્થાને પાયાથી મજબૂત કરનાર શ્રી મુળચંદ નથુભાઇ, શ્રી મગનલાલ ઓધવજીભાઇ, શ્રી ફતેચંદ ઝવેરભાઇ, શ્રી ગુલાબચંદ આણંદજી કાપડીયા, શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા અન્ય કાર્યકરોએ સંસ્થાને આપેલી સેવાને બીરદાવી સંસ્થાના સાહિત્ય પ્રકાશનનો અને તેમાં મુ. શ્રી ખીમચંદભાઇએ લીધેલા શ્રમ અને ઊંડા રસનો ખ્યાલ આપી મુ. શ્રી ખીમચંદભાઈની સેવાઓને બીરદાવી હતી અને સંસ્થાના પ્રકાશનોનું મહત્વ સમજાવ્યું હતું.

ત્યારબાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલનાયક શ્રી ગૌરીભાઇ ભટ્ટે શ્રી ખીમચંદભાઇ શાહનું સન્માન કરતા જણાવ્યું હતું કે શ્રી શાહ સાહેબ મારા ગુરુ છે, તેમની સાથે કાર્ય કરવાથી મને તેમનો નીકટનો પરિચય થયો છે. તેમની કાર્ય કરવાની ચોક્કસાઈ, ઉત્તમ કર્તવ્ય નિષ્ઠા, અને સંશોધનનો ઊંડો રસ પ્રશંસનીય છે. તેમના સંપર્કમાં આવનાર સૌ કોઇના મનને તે સ્નેહ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મમતાથી આકર્ષી લે છે. તેમને પ્રાચ્ય સંસ્કૃતિના અભ્યાસમાં ઊંડો રસ પણ દાદ માગી લે તેવો છે. આ ઉપરાંત આજે આવેલા સંદેશામાંથી એક બે મહત્ત્વના મુદ્દાનો ઉલ્લેખ કરૂં તો અસ્થાને નહિ ગણાય. તેમાં 'જૈન ચેર'ની સ્થાપનાનો ઉલ્લેખ થયો છે, તે માટે હું જાણું છું ત્યાં સુધી આ સંસ્થામાં પૂરી સામગ્રી પડેલી છે, અને ભાવનગરનો જૈન સમાજપણ તેમાં પૂરો ટેકો આપશે એવી મને આશા છે,



શ્રીમાન ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી એનાયત થયેલ માનપત્ર સમારંભના પ્રમુખ શ્રી વી. કે. મહેતા અર્પણ કરી રહ્યા છે. સાથે સમારંભના અતિથીવિશેષો સૌરાષ્ટ્ર યુનીવરસીટીના કુલપતીશ્રી હરસુખરાય સંઘવી તેમજ શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાધી તેમજ સભાના માનદ્‌મંત્રી શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ ઉપસ્થિત છે.

ત્યાર બાદ મહિલા કોલેજના પ્રિન્સિપાલ શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીએ જણાવ્યું કે મને પણ શ્રી શાહ સાહેબના વિદ્યાર્થી બનવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે. પણ મારૂં તો બીજાઓ કરતા વધારે સદ્‌ભાગ્ય કે પછીથી શ્રી શાહ સાહેબના માર્ગદર્શન નીચે મહીલા કોલેજમાં કાર્ય કરવામાં મને તેમના ઊંડા અનુભવ જ્ઞાન, અને કાર્યદક્ષતાનો લાભ પણ મળ્યો છે. તેમની પાસેથી વિદ્યાભ્યાસ ઉપરાંત વહીવટના પાઠ પણ હું શીખ્યો છું. બીજું અત્રે 'જૈન ચેર'ની સ્થાપના અંગે વિચારો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રજુ થયા. એ ઘણી જ સારી બાબત છે, પણ મને એક સૂચન કરવાનું મન થાય છે કે 'જૈન ચેર' થાય તો અભ્યાસ કરનારા વિદ્યાર્થી ક્યાં છે? એ દિશામાં આપણે કંઈક કામ શરૂ કરવું જોઈએ. યુવાન પેઢીને આપણે જૈન દર્શનના અભ્યાસમાં રસ લેતી કરવી જોઈએ તે કામ આવી આત્માનંદ સભા દ્વારા જરૂર થઈ શકે.

ત્યાર બાદ સંસ્થાના મંત્રીશ્રી હીરાલાલ જુઠાભાઈ શાહે સંસ્થા વિષે ટુંકમાં પરિચય આપ્યો હતો. અને કહ્યું કે મુરબ્બી શ્રી ખીમચંદભાઈનું સન્માન કરવાનો પ્રસંગ બધી રીતે ઉચિત છે. શ્રી શાહ સાહેબ સરળ સ્વભાવના છે અને સંસ્થાની પ્રગતિમાં એમનો ફાળો ઘણો મોટો છે. તેમનામાં અનેક ગુણો રહેલા છે જે આપણને હંમેશા પ્રેરણાદાયી બની રહે તેવા છે. સ્નેહ, સૌજન્ય, નિઃસ્વાર્થ સેવા વગેરે ગુણોથી એ આપણા સન્માનના પૂરા અધિકારી છે. શાસનદેવ તેમને તંદુરસ્તી પૂર્ણ દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના સાથે વિરમુ છું.

ત્યાર બાદ પાલીતાણાથી સમારંભ અર્થે પધારેલા ડૉ. શ્રી બાવીશી સાહેબે શાહ સાહેબ વિષે બે શબ્દો કહ્યા હતા.

ત્યાર બાદ સંસ્થાના મંત્રીશ્રી હીરાભાઈએ શ્રી શાહ સાહેબના માનપત્રનું વાચન કર્યું હતું, અને સમારંભના પ્રમુખશ્રીએ શ્રી શાહ સાહેબને માનપત્ર અર્પણ કર્યું હતું. તે પછી તેમનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ પ્રમુખશ્રી તથા બન્ને અતિથિ વિશેષનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યુ હતું. ત્યાર બાદ શ્રી મહાવીર જૈન વિદ્યાલય વતી પ્રો. શ્રી જૈન સાહેબે શ્રી ખીમચંદભાઈનું ફૂલહારથી સન્માન કર્યું હતું. તે પછી ભાઈશ્રી મહેતાએ શ્રી જૈન શ્રેયસ મંડળ વતી ફૂલહાર અર્પણ કર્યા હતા.

ત્યાર બાદ મંત્રીશ્રીની વિનંતીથી અતિથિવિશેષ અને સૌરાષ્ટ્રના કુલપતિશ્રી હરસુખભાઈ સંઘવીએ શ્રી ખીમચંદભાઈના તૈલચિત્રનો અનાવરણ વિધિ કરી પ્રવચન કર્યું હતું.

શ્રી હરસુખભાઈએ મુ. શ્રી ખીમચંદભાઈ વિષે બોલતા કહ્યું તેઓ તો મારા ગુરુ છે. એક રીતે કહીએ તો મારા ભાવનગર પ્રવેશની બારી તેઓએ ઉઘાડી આપી હતી. મને ભાવનગરની કોલેજમાં પ્રવેશ અપાવવામાં તેમની સહાય મુખ્ય હતી. પૂ. શાહ સાહેબનું સન્માન એટલે સેવાનું સન્માન છે. આ સન્માન કરી જૈન જૈનેતર સમાજ તેમની સેવાની યોગ્ય મૂલવણી કરી રહ્યો છે. આ આહ્‌લાદક પ્રસંગે મને યાદ કર્યો એ બદલ સંસ્થાનો હું આભાર માનું છું.

શ્રી આત્માનંદ સભા સાથે તો મારો પરિચય હું અત્રે ભણતો ત્યારથી જ શરૂ થયો છે. પૂજ્ય આત્મારામજી મહારાજની યાદમાં સભાની સ્થાપના કરવામાં આવી. તેમાં આત્માના નિર્દોષ સુખની પ્રાપ્તિ માટેની વિચારણા કરવી અને જ્ઞાન પ્રચારના હેતુથી આ સંસ્થાની સ્થાપના અને સંચાલન થયા જૈન સમાજ જ્ઞાનને પ્રથમ સ્થાન આપતો રહ્યો છે, જ્ઞાન પ્રચાર માટે દાનવીરો હંમેશા આગળ આવે છે. જૈન શાસનમાં સર્વ દુઃખોમાંથી અને કર્મબંધનથી મુક્ત થવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. વીતરાગના શાસનનો પરિચય, તેના ગ્રન્થો અને શાસનની મહત્તા અને તે માટે જ્ઞાનના સમર્થનનું મહાન કાર્ય આ સંસ્થા કરી રહી છે. આ સંસ્થાએ તેના મહાન કાર્યથી દેશપરદેશમાં જૈન દર્શનની નામના વધારી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂ. ખીમચંદભાઈનું સન્માન એ એક કરૂણામૂર્તિનું સન્માન છે. તેમનું સન્માન સર્વ પ્રકારે ઉચિત છે. એક વિદ્વાનના કહ્યા પ્રમાણે આ જમાનામાં જ્ઞાનની ઉપેક્ષા થઈ રહી છે ત્યારે જ્ઞાનીઓને યાદ કરી, કર્મથી મુક્ત કરનાર જ્ઞાનનો પ્રચાર કરનારી આ સંસ્થાને આપણે બીરદાવીએ. સભાની સ્થાપના જૈન જ્ઞાનની ઉન્નતિ માટે થઈ છે. જૈન જ્ઞાનના પ્રચાર માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં "જૈન ચેર"ની સ્થાપના થાય તે ઉત્તમ છે તે માટે જૈન દાનવીરોએ આગળ આવવું જોઈએ. અને જ્ઞાનગોષ્ઠી જેવી પ્રવૃત્તિ દ્વારા યુવાન પેઢીને વિદ્યા જ્ઞાન તરફ આકર્ષી વિદ્યાભ્યાસ પ્રેમી બનાવવા પડશે. 'જૈન ચેર'ની સ્થાપના સાથે જ્ઞાન ગોષ્ઠીનું ઉમદા કાર્ય કરીને આ સંસ્થા પૂરક કાર્ય બજાવી શકે તેમ છે. જૈનો પાસે ધન છે, દાનવીરો પણ છે તો ત્રણ ચાર લાખની રકમ ઊભી કરવી એ કામ અઘરૂં નથી રાજકોટમાં વીરાણી ભાઈઓ તરફથી પણ આ બાબતમાં સાનુકૂળ વલણ જણાયું છે રાજકોટમાં સોસીઅલ ગ્રુપ છે તેના પ્રમુખે પણ આ બાબતમાં ઉપયોગી થવાનું વલણ બતાવ્યું છે. અન્નદાન કરતા જ્ઞાનદાન વધારે કીમતી છે તેમાં આત્માની ઉન્નતિ રહેલી છે. દાનનો અપૂર્વ અવસર આવ્યો છે તે તક જૈન દાનવીરો ઝડપી લે. જ્ઞાન પ્રાપ્તિની આજે ભૂખ ઉઘડી છે ત્યારે 'જૈન ચેર'નો વિચાર સાકાર કરવાની તક આપણે ઝડપી લેવી જોઈએ. અંતમાં મુ. શ્રી ખીમચંદભાઈનો પવિત્ર આત્મા છે આ નિવૃત્ત જીવનમાં હંમેશા નવકાર મંત્રનું રટણ કરે છે અને આ ઉમરે નિવૃત્તિ છે આટલા પ્રવૃત્તિમય છે એમને હું નાનો માણુસ શી સલાહ આપું. એઓ તો મારા ગુરુવર્ય, સૌના ગુરુવર્ય છે તેઓ સુખ જીવન ગાળે એવી શુભેચ્છા.

ત્યારબાદ અતિથિવિશેષ શ્રી વાડીભાઈએ શ્રી ખીમચંદભાઈનું સન્માન કરતાં કહ્યું કે તેઓશ્રી સાહિત્યકાર છે, ધર્મપ્રેમી છે. તેઓ ઘણા સુસંસ્કારી તેમનું જીવન જૈન સિદ્ધાન્ત મુજબ વીતાવે અને આનંદપૂર્વક પુન્ય કાર્ય કરતા રહે એવી એમને શુભેચ્છા.

અત્રે કુલપતિ શ્રી હરસુખભાઈએ તેમજ કુલનાયક શ્રી ગૌરીભાઈએ જૈન ચેરનો વિચાર રજુ કર્યો છે. જો જૈન ચેર થાય તો કરોડો રૂપિયાના ભંડાર કરતા પણ મોટો આ આત્માનંદ સભાનો જ્ઞાન ભંડાર તેમના ઉપયોગ માટે ખુલ્લો છે. ભાવનગર જૈન ચેર જરૂર આપી શકે, તે કંઈ અઘરૂં નથી. ભાઈશ્રી હરસુખભાઈ જો ભાવનગરને આંગણે યુનિવર્સિટી થાય અને 'જૈન ચેર' શરૂ કરવામાં આવે તો ભાવનગરનો પૂર્ણ સહકાર અને સાથ હશે એની મને ખાત્રી છે. તે માટે યોગ્ય રકમ અને સહકાર મેળવી આપવાની જવાબદારી હું સ્વીકારવા તૈયાર છું પણ હું એટલુ જરૂર કહીશ કે ભાવનગર તો નાનુ ગામ છે, તે શ્રીમંતોનું ગામ છે એમ કહેવાને બદલે એમ કહી શકાય કે તે સમાજ સેવકોનું ગામ છે, તો ઓછી રકમે ચેરની સ્થાપના થાય તેવી યોજના વિચારજો અને જ્યારે યુનિવર્સિટી અને જૈન ચેર ભાવનગરમાં થાય ત્યારે એક લાખ રૂપિયા આપવાનું હું વચન આપું છું અને બીજા એક લાખ તે દિવસે હું આપવા જાહેર કરૂં છું હું સહુને વિનંતી કરૂ છુ કે 'જૈન ચેર' થાય તે માટે આપણે સક્રિય બનીએ, દરેક પ્રતિજ્ઞા લઈએ કે આ કાર્ય જલ્દી થાય એ માટે સહુને નમ્ર વિનંતી.

ત્યારબાદ સમારંભના પ્રમુખ શ્રી વી. કે. મહેતાએ પોતાનું વક્તવ્ય શરૂ કરતા કહ્યું કે આજે મને અનહદ આનંદ થાય છે. અહીં બધા મુરબ્બીઓ ઉપસ્થિત છે તેમની આગળ તો હું એક બાળક છું, અને બાળક તો કાલીઘેલી ભાષામાં બોલે અને ભૂલ પણ થાય, તો હું મારા વિચાર રજુ કરૂં તેમાં કંઈ ભૂલ થાય તો ક્ષમા કરશો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુરબ્બી શ્રી શાહસાહેબનો પહેલો પરિચય મને દાદાસાહેબમાં થયો. તેમના પરિચયથીજ મને તેમના પ્રત્યે પૂજ્યભાવ થયો છે. અગાઉ શ્રી ગૌરીભાઈ અને શ્રી હરસુખભાઈ કહી ગયા કે 'હું તેમનો વિદ્યાર્થી છું,' પણ મારૂં એવું સદ્ભાગ્ય નથી કે હું એમ કહી શકું. હું પણ એમનો વિદ્યાર્થી હોત તો? શ્રી શાહ સાહેબ 'અર્થશાસ્ત્ર'ની ભાષામાં કહું તો એક સારા Ideal (આદર્શ) મેનેજર છે. આદર્શ મેનેજરના બધાજ ગુણો એમનામાં છે તેઓ પુરાતન ઋષિ આધુનિક સ્વરૂપમાં છે જ્ઞાની છતાં નમ્ર અને છતા ક્રિકેટ, ટેનીસ જેવી રમતોનો તેમને શોખ પણ છે. આપણે ઈચ્છીએ કે ઘણા લાંબા સમય સુધી આપણી વચ્ચે કામ કરતા રહે પણ આયુષ્ય લંબાવવા સમર્થ તીર્થંકર પણ શક્તિમાન બન્યા નથી તેમની સ્મૃતિ સદા જીવન્ત રાખવા 'જૈન ચેર'ની સ્થાપનામાં સહકાર આપીએ. ભાવનગરમાં શ્રીમંતો ઘણા છે એટલે કે શ્રી શાહસાહેબ જેવા–જ્ઞાનના વિદ્યાના શ્રીમંતો. એ રીતે અહીં આ સભામાં ઘણા શ્રીમંતો છે.

હું ભાવનગરમાં અને દેશમાં અનેક સ્થળે ફર્યો છું અને મારા અનુભવથી કહું છું કે અહીં ઘણાં આ પ્રકારના જ્ઞાન ધનવાળા અને સંસ્કારધનવાળા શ્રીમંતો છે. અને કહું તો ભાવનગરમાં 'યુનિવર્સિટી' અને જૈન ચેર માટે જે એન્વાયરોનમેન્ટ છે તે કદાચ બીજા સ્થળે મળશે નહિ. અહીં જ્ઞાનના ભંડારો છે સભા તેમજ સંઘ પાસે હસ્તલિખિત પ્રતોનો ભંડાર છે. 'જૈન ચેર' માટે વિદ્વાનો ઓછા મળશે એમ કહેવું એ ભૂલ ભરેલું છે. કારણ 'જૈન' એ દર્શન છે, સંપ્રદાય નથી. જૈનોના તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના પ્રથમ ગણધર બ્રાહ્મણ હતા. તો 'જૈન ચેર' માટે જન્મે જૈન હોય એ કંઇ આવશ્યક નથી. સૌ કોઈ 'જૈન દર્શન'નો અભ્યાસ અને સંશોધન કરી શકે છે. અનેક ક્ષત્રિયો, પટેલો 'જૈન' ધર્મના મુનિ બની સારા અભ્યાસી બનેલા છે, એક દાખલો આપું તો થોડા સમય પહેલા જૈન–વિષય ઉપર નિબંધ સ્પર્ધા સુરતમાં યોજાયેલી તેનું પ્રાઇઝ એક મુસ્લીમબેનને મળ્યું હતું. તો ભાવનગરની એન્વાયરોનમેન્ટસ જોતા મને લાગે છે કે શ્રી ગૌરીભાઈના વિચારને રીસ્પોન્સ મળી રહેશે, વિદ્વાનોનો તોટો ન રહે, નાણાં બાબતમાં ૩૩⅓ ટકા કાર્ય તો શ્રી વાડીભાઈએ સરળ બનાવ્યું, હવે ૬૬⅔ ટકા કાર્ય શ્રી હરસુખભાઇ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંભાળે. હું ભાવનગરના મારા અનુભવ ઉપરથી સંકોચ વગર કહી શકું છું કે ભાવનગરના શ્રીમંતો જરૂર ન્યાય આપશે.

અંતમાં આપના સૌના વતી અને સંસ્થાવતી હું શ્રી શાહ સાહેબનું હાર્દિક સન્માન કરૂં છું. અને તેમને સુખમય જીવન ઇચ્છું છું.

ત્યાર બાદ શ્રી ખીમચંદભાઇએ પ્રત્યુત્તર આપતાં શ્રી ગુલાબચંદ આ. કાપડિયાને શ્રદ્ધાંજલિ આપી હતી. સભાના પ્રકાશનનોની વિશિષ્ટતા તરફ સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને પોતે જે કાંઈ કરી શકયા છે તેમાં તેમના સાથીઓ અને સહકાર્યકરોની મદદ ઉપકારક બનેલી છે તે સૌનો આભાર માન્યો હતો. અને છેવટે પોતે જે કાંઈ કરી શકયા છે તેને મોટું રૂપ આપી આવો સન્માન સમારંભ યોજવા બદલ સર્વે કાર્યકરોનો આભાર માન્યો હતો.

ત્યાર બાદ શ્રી કાન્તિભાઇ દોશીએ આભારવિધિ કરી હતી. અને અંતમાં અલ્પાહારને ન્યાય આપી સૌ વીખરાયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રત્યુત્તર

(શ્રી ખીમચંદભાઈ શાહે સન્માનનો આપેલો પ્રત્યુત્તર સમયને અભાવે સમારંભ સમયે થોડાકજ મુદ્દાઓ ઉપર ટૂંકમાં વિવેચન કરી શકાયું હતું અહીં આખુ પ્રવચન આપવામાં આવે છે.)

અધ્યક્ષ શ્રી વિનયકાંતભાઇ મહેતા, અતિથિ વિશેષ શ્રી હરસુખલાલભાઈ સંઘવી, અતિથિ વિશેષ શ્રી શેઠ વાડીલાલભાઈ ગાંધી, ભાઇઓ અને બહેનો

અત્યારે આ પ્રસંગે મારા સ્મરણપટ ઉપર એક વ્યક્તિ રમ્યા કરે છે, તે છે સ્વ શેઠશ્રી ગુલાબચંદ આણંદજી કાપયડિ. શ્રી ગુલાબચંદભાઇ ભાવનગરના જાહેર જીવનમાં અને ખાસ કરીને જૈન સમાજમાં એક અગ્રણી હતા. તેઓ, હું સં. ૧૯૮૩માં ભાવનગરમાં આવ્યો ત્યારે આ સભાના પ્રમુખ હતા. હું અને તેઓ લગભગ દરરોજ સાંજે મોતીબાગ કલબમાં મળતા અને તેઓ મને ભાવ ના જૈન સમાજની વિધવિધ પ્રવૃત્તિઓમાં રસ લેતો કરતા. મને આ સભામાં ખેંચી લાવનાર અને તેની કાર્યવાહીમાં જોડનાર પણ તેઓ જ હતા. મને આ સભામાં કામ કરવામાં બળ પૂરનાર પણ તેમની જ પ્રેરણા હતી. આજે હું તેમને યાદ કરી ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું.

આ સભા એક જ્ઞાનની સંસ્થા છે. જ્ઞાનને દીપક સાથે સરખાવાય છે. દીપક જેમ અંધકાર હઠાવે છે અને પ્રકાશ પાથરે છે અને ખાડા ટેકરાવાળા માર્ગથી ચેતવીને ચાલવાનો સીધો માર્ગ દર્શાવે છે, તેમ જ જ્ઞાન પણ હૃદયમાં રહેલ વહેમ, અંધશ્રદ્ધા, દુર્વૃત્તિઓ વગેરેના અંધકારને હઠાવે છે, સાચી સમજણ આપે છે, અને કલેશ, કુસંપ, કષાય વગેરેથી ચેતવીને જીવન જીવવાનો સાચો માર્ગ દર્શાવે છે. આટલા માટે જ જ્ઞાનના આરાધકો અમૃતનો આસ્વાદ લેછે તેમ કહેવાયું છે. **ज्ञानेनामृतभोजनम्** જ્ઞાનવડે અમૃતનું ભોજન થાય છે, **विद्ययाऽमृतमश्नुते** વિદ્યાથી અમૃતત્ત્વને પમાય છે એ સૂક્તિઓ યથાર્થ છે. આ કારણેજ જ્ઞાનનું વિતરણ કરનારી સંસ્થાઓ દેવમંદિરો જેટલી આત્માને ઉન્નતિકર હોય છે. તેથી તેમને જ્ઞાન-મંદિરો કહી શકાય. શ્રી જૈન આત્માનંદ સભા આવું એક જ્ઞાનમંદિર છે.

આ સભાનો એક ઉદ્દેશ એ છે કે જૈન ધર્મના અને જૈન સંસ્કૃતિના પાયાના પ્રમાણભૂત ગ્રંથોનું આધુનિક પદ્ધતિએ સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું તથા અભ્યાસી વર્ગને તે સુલભ થાય તે રીતે તેનો પ્રચાર કરવો. આ ઉદ્દેશ આ સભાની પ્રાણપ્રવૃત્તિ છે તેમ કહી શકાય.

જૈન સાહિત્ય ખૂબ સમૃદ્ધ અને વિપુલ છે. જૈન પૂર્વાચાર્યો, વિદ્વાનો અને સાહિત્યકારોએ ધર્મ, દર્શન, ઇતિહાસ, કાવ્ય, નાટક, કળા વગેરે વિધવિધ વિષયો પર વિપુલ પ્રમાણમાં ગ્રંથો રચ્યા છે. જૈન ચરિત્ર કથાઓ અને બોધ કથાઓ તો તેમની આગવી શૈલીના લીધે વાચકોને હૃદયંગમ બની છે. ભારતના કથાસાહિત્યમાં જૈન કથાસાહિત્યે નોંધપાત્ર ફાળો આપ્યો છે. જો આ સમગ્ર સાહિત્યનું વ્યવસ્થિત રીતે સંશોધન, સંપાદન, પ્રકાશન અને પ્રચાર થાય, તો જૈન સમાજને તે ખૂબ ઉપયોગી નિવડે. એટલું જ નહીં, પણ જૈનેતર વિદ્વાનો અને અભ્યાસીઓની જૈન સાહિત્ય તરફ વિશેષ અભિરુચિ થાય અને જૈનધર્મ તરફ તેમનું આકર્ષણ વધે. એટલે આ પ્રાચીન સાહિત્યના આવા પ્રકાશન અને પ્રચારની ખાસ આવશ્યકતા છે. આ સભાએ પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદ્દેશ અનુસાર આ પ્રવૃત્તિ ઉપાડી લીધી છે. અને મને કહેતાં આનંદ થાય છે કે જગતની કોઈપણ આવી સંસ્થા ગૌરવ લઈ શકે એ રીતે આ કાર્ય અત્યાર સુધી આ સભાએ કર્યું છે. તેણે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, અંગ્રેજી ભાષાઓમાં મળીને કુલ ૨૧૫ ઉપરાંત ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે, જેમાંના કેટલાક તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા છે, અને તેમનાથી આ સભાને જગતની આવી જાતની મહાન સસ્થાઓની હરોળમાં ઊભવાનું સ્થાન મળ્યું છે. આ ગ્રંથો વિધ વિધ વિષયોને સ્પર્શે છે. તેમાંથી એક તરફ મારૂં ધ્યાન રમુજી રીતે ગુજરાતના નાટ્યશાસ્ત્રના સુપ્રસિદ્ધ પુરસ્કર્તા શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ ખેંચ્યું હતું. સામાન્ય રીતે નાટકોમાં નાયક ધીર ઉદાત્ત પુરુષ હોય છે. પણ આ નાટક **प्रबुद्धरौहिणेयम्**નો નાયક, ચોર, લૂંટારૂ છે. સભાની પ્રકાશન પ્રવૃત્તિઓથી તે પ્રભાવિત બન્યા હતા.

આવાં પ્રકાશનો પાછળ કેટલીકવાર ટીકાઓ થતી સાંભળવામાં આવે છે કે હજારો રૂપિયાનો ખર્ચ કરી, પુષ્કળ શ્રમ કરી આવાં પુસ્તકો પ્રગટ તો કરાય છે પણ તેના વાચકો કેટલા? બહુ જ અલ્પ સંખ્યાના વાચકો માટે આટલો મોટો ખર્ચ અને આટલી બધી જહેમત ઉઠાવવાની શી જરૂર છે? પણ તે ટીકાકારો ભૂલી જાય છે કે આ મૂઠીભર વાચકો જ પરિવર્તનશીલ જગતના વડવૈયા છે અને તેઓ આવા ગ્રંથો વાંચી તેમાંથી પ્રેરણા મેળવે છે. આ સત્ય સમજીને જ ખ્રિસ્તીઓ અને બૌદ્ધો આજે કરોડો રૂપિયા ખર્ચી પોતાના ધર્મના પાયાનાં પુસ્તકો પ્રકાશિત કરે છે. એટલું જ નહીં, પણ યોગ્ય વિદ્વાનોને ભેટ પણ મોકલે છે. આજે વિશ્વધર્મ બનવા માટે આ બેમાં હરીફાઇ ચાલે છે. આપણે ભલે એટલી મોટી મહત્ત્વાકાંક્ષા ન રાખીએ, તો પણ જે અમૂલ્ય વારસો આપણા પૂર્વજોએ અથાક શ્રમ કરીને રાત્રિ દિવસના ઉજાગરા વેઠીને સ્વહસ્તે લખીને સંભાળપૂર્વક ભંડારોમાં સાચવી રાખીને આપણને આપ્યો છે તે નષ્ટ ન થાય પણ સારી સ્થિતિમાં આપણે આપણા વારસોને આપતા જઈએ એ આપણું કર્તવ્ય થઈ રહે છે. આજે આ કામ આવી સંસ્થાઓ કરે છે તો તેમને દરેક રીતે સહાય કરવી એ દરેક જૈનની ધાર્મિક ફરજ છે તેમ હું માનું છું.

અહીં એક હકીકત આપની પાસે ગૌરવપૂર્વક હું રજૂ કરૂં છું પણ તે પહેલાં એક ચોખવટ કરી લઉં કે હું હવે જે કહું છું તે કોઇ સંસ્થા કે સભાની ટીકા કરવાના હેતુથી નહીં પણ આ સભાનાં પ્રકાશનોની વિશિષ્ટતા દર્શાવવા ખાતર કહું છું. બીજું તો તે સંસ્થાઓએ જે પ્રકાશન કાર્ય કર્યું છે તે માટે તો તેમને મારા ધન્યવાદ આપું છું.

આ સભાનાં પ્રકાશનો આજના વિદ્વાનોએ સ્વીકારેલી પદ્ધતિ પ્રમાણે સંશોધિત અને સંપાદિત થાય છે. પાઠોની પસંદગી શકય હોય તેટલી હસ્તપ્રતો તપાસીને થાય છે અને ન સ્વીકારેલા પાઠો ટિપ્પણમાં આપવામાં આવે છે. ગ્રંથની પ્રસ્તાવનામાં વિષયની તલસ્પર્શી તુલનાત્મક છણાવટ થાય છે. ઉપરાંત, ગ્રંથમાંથી સાંપડતી ઉપયોગી માહિતીઓ વિષયવાર ગોઠવીને યોગ્ય પરિશિષ્ટોમાં અપાય છે. આથી જ આ ગ્રંથો જૈન-જૈનેતર દેશી-વિદેશી વિદ્વાનોમાં ખૂબ પ્રશંસા પામ્યા છે. બૃહત્કલ્પસૂત્રનાં પરિશિષ્ટો, અને ખાસ કરીને તેરમું પરિશિષ્ટ પુરાતત્ત્વવિદો, ઇતિહાસકારો અને સંસ્કૃતિના લેખકોને કેટલી બધી ઉપયોગી માહિતી પૂરી પાડે છે, તે તો તેના વાચકો જ જાણી શકે. આથી જ આવા વિદ્વાનોનું ધ્યાન હવે આપણા ગ્રંથોની વૃત્તિઓ, નિર્યુક્તિઓ અને ટીકાઓ તરફ આકર્ષાયું છે તે આપણા માટે ગૌરવની હકીકત છે. આ ઉપરાંત આ સભાના પ્રકાશન **द्वादशारं नयचक्रम्**ની એક વિશેષ ખાસ વિશિષ્ટતા પ્રત્યે આપનું ધ્યાન ખેંચું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈનાચાર્યોની ખંડન-મંડન કરવાની એક આગવી રીત છે. જ્યારે તેઓ કોઈ પ્રતિસ્પર્ધીના મતનું ખંડન કરે છે ત્યારે પ્રથમ તેઓ તે મતને પ્રતિપાદન કરતા પ્રતિસ્પર્ધીના મૂળ શબ્દોને પકડી લે છે, તેની છણાવટ કરે છે અને પછી તે મતનું ખંડન કરી પોતાના મતનું મંડન કરે છે. આ રીતનો ખાસ લાભ એ છે કે આપણને પ્રતિસ્પર્ધીના મતનો મહત્ત્વનો ભાગ તેના જ શબ્દોમાં જોવા મળે છે.

દિઙ્નાગ એક મહાન બૌદ્ધ નૈયાયિક હતો. બૌદ્ધ ધર્મના અનુયાયીઓ અને તે ધર્મના અભ્યાસીઓ માટે દિઙ્નાગના ગ્રંથોનો અભ્યાસ ઘણો જ આવશ્યક છે પરંતુ ભારતમાં બૌદ્ધ ધર્મનો લોપ થવાથી તેનાં પુસ્તકોની સંભાળ રહી નહીં, અને તે નાશ પામ્યાં. આમ છતાં તેના ભોટ (તિબેટન) અને ચીની ભાષામાં અનુવાદો અત્યારે મોજુદ છે. એક તો મૂળ લખાણ સંસ્કૃતમાં ટૂંકું, સૂત્રાત્મક એટલે સમજવામાં મુશ્કેલી અને વળી ભોટ (તિબેટન) અને ચીની જેવી જુદા પ્રકારની ભાષામાં તેના અનુવાદો પણ કિલષ્ટ અને કેટલાંક સ્થળે દુર્બોધ જેવા બન્યા છે. આજના વિદ્વાનોને સમજવામાં ભારે મુશ્કેલી પડે છે.

જૈનાચાર્ય મલ્લવાદી દિઙ્નાગ પછી તરત જ થયા છે અને તેમણે દિઙ્નાગના કેટલાક મતોનું પોતાના ગ્રંથ દ્વાદશારં નયચક્રમ્‌માં ખંડન કર્યું છે. ખંડન કરતી વખતે તેમણે દિઙ્નાગના મૂળ શબ્દોને ટાંકી તેની છણાવટ કરી છે. આ ગ્રંથનું અદ્યતન પદ્ધતિએ સંપાદન કરી પ્રસિદ્ધ કરવાનું સાહસ આ સભાએ કર્યું છે અને તેના સંપાદક પ. પૂ. વિદ્વાન મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજે આ સાહસને પ્રશંસનીય રીતે પાર પાડયું છે.

આચાર્યશ્રી મલ્લવાદીએ લખેલો મૂળ ગ્રંથ એક કારિકા અને તેની ઉપર લખેલા સ્વોપજ્ઞ (પોતે લખેલા) ભાષ્યનો બનેલો હતો. આજે આ ગ્રંથ મળતો નથી પરંતુ તે ઉપર આચાર્યશ્રી સિંહસૂરિએ લખેલી ન્યાયાગમાનુસારિણી વૃત્તિની કેટલીક હસ્તપ્રતો મળે છે. મુનિરાજશ્રી જંબૂવિજયજીએ પ્રથમ તો આ હસ્તપ્રતો તપાસી શુદ્ધ પાઠો નક્કી કર્યા. પછી વૃત્તિમાં આ. શ્રી સિંહસૂરિએ ભાષ્યના મૂળભૂત શબ્દોને ટાંકીને છણાવટ કરી હતી, તે મૂળભૂત શબ્દોને એકઠા કરી, અને તેટલો બરાબર મૂળ ભાષ્યનો પાઠ તૈયાર કર્યો. આ રીતે તેઓશ્રીએ મૂળ લુપ્ત થયેલા ભાષ્યના જેવા જ પાઠવાળું ભાષ્ય તૈયાર કરી આપ્યું. આ ઉપરાંત, ભાષ્યમાં તથા વૃત્તિમાં ટાંકેલાં અન્ય ગ્રંથોનાં ઉદ્ધરણો પણ તારવ્યા અને તે તે ગ્રંથોમાં આજે તે કેવા પાઠોએ મળે છે તેની નોંધ તૈયાર કરી. આથી પ્રમાણભૂત મનાતા પ્રાચીન ગ્રંથોના પાઠોમાં કેવા કેવા ફેરફારો થયા છે તેની બહુ જ ઉપયોગી માહિતી આપણને મળે છે. વળી, આમાં એક ભોટ[1] પરિશિષ્ટ સૌનું ધ્યાન ખેંચે તેવું છે.

આ ભોટ પરિશિષ્ટમાં દ્વાદશાર નયચક્રના ભાષ્ય તથા વૃત્તિમાં જ્યાં જ્યાં દિઙ્નાગના પ્રમાણ સમુચ્ચયના શબ્દોને ઉધ્ધૃત કરી તેમની છણાવટ કરી છે, ત્યાં ત્યાંથી તેમને એકઠા કરી મૂળ પાઠની જેમ ગોઠવી આપ્યા છે. એટલું જ નહીં પણ ભોટ (તિબેટન) ભાષાનો અભ્યાસ કરી, ભોટ ગ્રંથોમાંથી આ પાઠોના અનુવાદો શોધી કાઢી બંનેને સાથે સાથે મૂકયા છે. આથી વિદ્વાનોને સંસ્કૃત પાઠોની મદદથી ભોટ અનુવાદો સમજવામાં સુવિધા થઈ છે આવું પરિશિષ્ટ તૈયાર કરવામાં શ્રી જંબૂવિજયજી મહારાજને કેટલી બધી જહેમત ઉઠાવવી પડી હશે તેનો ખ્યાલ તો માત્ર વિદ્વાનોને જ આવી શકે. આથી જ વિશ્વના મહાન નૈયાયિક ડૉ. એ. ફ્રાઉલનેરે પ. પૂ. મહારાજશ્રી

---

૧. તિબેટની ભાષા જેને અંગ્રેજીમાં તિબેટન કહેવામાં આવે છે તેનું ખરૂં નામ ભોટ ભાષા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જંબૂવિજયજીને વિદ્વદ્ જગત તરફથી ઉભાભર્યા ધન્યવાદ આપ્યા છે. અને સાથે સાથે આવું પ્રકાશન સુલભ કરી આપવા માટે આ સભાને પણ ધન્યવાદ આપ્યા છે.

આ પ્રસંગે એક ઘણી જ મહત્ત્વની બાબત વક્તાઓએ આપની પાસે મૂકી છે હું પણ તે બાબત ઉપર થેડુક કહેવા ઇચ્છા રાખું છું.

સૌરાષ્ટ્રમાં એક યુનિવર્સિટી સ્થાપવાની વિચારણા ચાલતી હતી, ત્યારે તે બાબત અંગે સર્વતોમુખી વિચારણા કરી યોગ્ય સલાહ સૂચનો કરવા ગુજરાત સરકારે શ્રી લાલભાઈ સમિતિ નીમી હતી. આ સમિતિ જ્યારે ભાવનગરની મુલાકાતે આવી, ત્યારે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા અને શ્રી યશોવિજયજી ગ્રંથમાળાએ એક સંયુક્ત આવેદન પત્ર ને સમિતિને પેશ કર્યું હતું. તેમાં જણાવ્યું હતું કે "આજે જ્યારે ભારતીય દર્શનશાસ્ત્રોના અભ્યાસમાં જૈન દર્શનનો અભ્યાસ અનિવાર્ય ગણાય છે, ત્યારે જૈન દર્શન અને સાહિત્યના જ્ઞાન પિપાસુઓને ઉપયોગી થઇ પડે તેવી જૈન વિદ્યાશાખા શરૂ કરવામાં આવે અને તે માટે યુનિ માં એક ચેરની વ્યવસ્થા કરવામાં આવે, તો તે આ નવી યુનિ. માટે ગૌરવનો પ્રસંગ બની રહેશે. યુનિના ઉપરોક્ત કાર્યમાં અમે અમારી સાહિત્ય સામગ્રીનો યોગ્ય ઉપયોગ કરવા દેવા તૈયાર છીએ." શ્રી સંઘ પાસે ભગભગ ૧૭૬૦ જેટલી હસ્તપ્રતો છે, શ્રી પ્રસારક સભા, શ્રી આત્માનંદ સભા અને યશોવિજયજી ગ્રંથમાળા પાસે સમૃદ્ધ પુસ્તકાલયો છે, જેમાં કેટલાંક જૂનાં અપ્રાપ્ય પુસ્તકો પણ છે. વળી શ્રી આત્માનંદ સભા પાસે ૧૭૩૪ હસ્તપ્રતો છે તેમજ પેકિંગમાંથી પ્રસિદ્ધ થયેલ તિબેટન ત્રિપિટકની માઈક્રોફિલ્મ્સ છે. આ ઉપરાંત જૈન વિદ્યાની જુદી જુદી શાખાઓના અભ્યાસમાં ઉપયોગી થઈ પડે તેવી સામગ્રી છે.

સામગ્રી તો છે, યોજકની જરૂર છે. આજે જ્યારે ભાવનગરમાં યુનિ. સ્થપાવાના ભણકારા વાગી રહ્યા છે, ત્યારે ભાવનગરના જૈન સમાજને મારી નમ્ર વિનતિ છે કે તે આ કાર્ય હાથમાં લે અને યોજક બની જૈનધર્મ તથા જૈન સમાજને ગૌરવ અપાવે તેવી 'જૈનોલોજી અને પ્રાકૃત' માટે એક ચેરની વ્યવસ્થા કરે. શેઠશ્રી વાડીલાલભાઈએ જે ઉત્સાહ અને ઉદારતાથી આ કાર્યની શુભ શરૂઆત કરી છે તે માટે તેમને મારા ધન્યવાદ આપું છું. પ્રમુખશ્રી તથા અન્ય વક્તાઓએ પણ આ કાર્યમાટે જે ઉત્સાહ દાખવ્યો છે તે ઉત્સાહ જારી રાખે અને થોડા જ વખતમાં સૌ સાથે મળીને ચેરની સ્થાપના માટે જરૂરી ફંડ એકત્ર કરી નાંખે તેવી મારી નમ્ર વિનતિ છે. ત્રણેક લાખ રૂા. ના ફંડની જરૂરિયાત રહેશે તેમ કહેવાયું છે. પણ જો ભાવનગરનો જૈન સમાજ દૃઢ નિશ્ચય સાથે આ કાર્ય ઉપાડી લે તો આ રકમ સહેલાઈથી એકત્ર થઇ શકે તેવું મારૂં માનવું છે.

આપ સર્વેનો હું આભાર માનું છું. જે કાંઇ કરી શક્યો છું, તે મારા સહકાર્યકરોના સાથ અને સહકારના લીધે છે તેમ હું ખાત્રીપૂર્વક જણાવું છું. આ બાબતમાં મારા મિત્ર અને સહકાર્યકર સ્વ. શ્રી ફત્તેહચંદભાઈ મને ખાસ યાદ આવે છે તેમને ભાવપૂર્વક યાદ કરી તેમને મારી શ્રદ્ધાંજલિ સમર્પું છું.

હું નિવૃત્ત થાઉં છું પણ મારી જગ્યાએ સભાએ શ્રી ગુલાબચંદભાઈ લલ્લુભાઈ શાહની વરણી કરી છે તેથી મને ખુશી ઉત્પન્ન થઇ છે. તેઓ છેલ્લા ત્રીસ વર્ષથી સભાના કામમાં મારા સહકાર્યકર રહ્યા છે. સભાની કાર્યવાહીથી અને પ્રણાલીઓથી પરિચિત છે સ્વભાવે શાંત સેવાભાવી અને અજાત શત્રુ જેવા છે અને સભાના પ્રકાશન કાર્યમાં ઉપયોગી નીવડે તેવા છાપકામના અનુભવી છે. તેમની રાહબરી નીચે સભા આગળ વધતી અને વધતી રહેશે તેવી મને શ્રદ્ધા છે. ફરીથી આપ સૌનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અને આ સભા **सर्वदा वर्धताम्** એવી શુભેચ્છા સાથે વિરમું છું. જય મહાવીર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સન્માન–સમારંભ પ્રસંગે આવેલા સંદેશાઓ

## શ્રી ભાવનગર જૈન સંઘના પ્રમુખ તથા ઉદ્યોગપતી શેઠશ્રી ભોગીલાલભાઈનો આવેલ સંદેશો

શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખશ્રી તથા સેક્રેટરી સાહેબો જોગ,

આપણી સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ખીમચંદભાઈ શાહની વર્ષો પર્યંતની સેવાને અનુલક્ષીને તેમનું બહુમાન કરવાનો તથા માનપત્ર એનાયત કરવાનો સમારંભ યોજેલ છે. તે અંગેનું આમંત્રણ મળ્યું તે બદલ આપ સહુનો આભાર માનું છું.

શ્રી ખીમચંદભાઈની સેવા લક્ષમાં લઈ એમનું બહુમાન કરવાનો આપે નિર્ણય કર્યો તે ખરેખર સ્તુત્ય કાર્ય છે. કારણ કે આ સભાના પ્રમુખ તરીકે રહીને જૈન સાહિત્ય અને દર્શનની અમૂલ્ય સેવા એમણે કરી છે અને એમાં હંમેશા એમની વિદ્વતાના દર્શન થાય છે. આવા ગુણીજનના સેવા કાર્યને બીરદાવીને આપણે આપણી ફરજ બજાવીએ છીએ

એમને સંશોધનમાં કેટલો બધો રસ હતો તેનો એક પ્રસંગ મને આજે યાદ આવે છે.

મુનિશ્રી જંબુવિજયજી મહારાજ સાહેબ "દ્વાદશારનયચક્રમ" નામના પ્રાચીન ગ્રંથનું સંશોધન કરતા હતા અને આ સંશોધન માટે એમને દિગ્નાગ, વસુબંધુ વગેરે બૌદ્ધ ગ્રંથો જોઈ જવાની જરૂર જણાઈ. એના સંસ્કૃતમાં લખાયેલા મૂળ ગ્રંથો મળી શકતા નથી પરંતુ તે ગ્રંથના તિબેટન ભાષામાં ભાષાન્તર થયેલા છે. આને માટે મને ભાવનગરથી દીલ્હી આત્માનંદ સભાના પ્રમુખશ્રી ખીમચંદભાઈ શાહ તરફથી લખવામાં આવ્યું એટલે હું દીલ્હીમાં ચીનના રાજદૂતને મલ્યો અને એમને આત્માનંદ સભાએ પ્રકટ કરેલા કેટલાંક પુસ્તકો પેકીંગની નેશનલ લાયબ્રેરી માટે મેં શ્રી શાહ સાહેબ વતી આપ્યા. તેઓ ઘણા ખુશી થયા. મેં એમને તિબેટના ગ્રંથોની નકલો કીંમત લઈ આપવાની વિનંતી કરી. એમણે ચીનની સરકારને લખ્યું અને એ સરકારે પણ આખા ગ્રંથો તૈયાર કરીને મોકલવાની મુશ્કેલી દર્શાવીને તેમની માઈક્રો ફીલ્મ કોઈપણ જાતની કીંમત લીધા વિના ભેટમાં મોકલાવી. આ પ્રસંગનો ઉલ્લેખ મેં એમની સંશોધનવૃત્તિ અને અભ્યાસ પરાયણતા કેવી હતી તે દર્શાવવા માટે જ કર્યો છે. એટલે આવા વિદ્વાન જ્યારે શારીરિક કારણોસર નિવૃત થાય ત્યારે તેમનું બહુમાન કરીને ભાવિ પેઢીને વિદતાનું બહુમાન કરવાનો ગુણ આપણે શીખવીએ છીએ એમ મને લાગે છે.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનીવર્સિટીના કુલપતિ શ્રી હરસુખભાઈ સંઘવી જેઓ એક વખત એમના શિષ્ય હતા તેમની હાજરી તેમજ બીજા વિદ્વાન શ્રી મહેતા સાહેબ અને ધર્માનુરાગી મારા મિત્ર શ્રી વાડીલાલભાઈની હાજરી પ્રસંગને અનેરો ઓપ આપશે.

આવા સમારંભમાં હાજર રહી મારા સાથી પ્રત્યેનું રૂણ ચુકવવાની મારી ઘણી ભાવના હોવા છતાં હું પણ શ્રી શાહ સાહેબની જેમ શારીરિક રીતે અશક્ત હોઇ હાજર નહીં રહી શકું તેનું મને ઉંડુ દુઃખ છે. છતાં મનથી હું આપની સાથે છું સમારંભની સફળતા ઇચ્છું છું.

લી. ભોગીલાલ મ. શાહના જયજીનેન્દ્ર.

## શ્રી સૌરાષ્ટ્રના માજી નાણા પ્રધાન અને જૈન સમાજના અગ્રગણ્ય શ્રી જગુભાઈ પરીખ

સ્નેહી શ્રી. ગુલાબચંદભાઈ તથા અન્ય કાર્યકર મિત્રો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાઈશ્રી ખીમચંદભાઈને માનપત્ર એનાયત કરવાના સમારંભમાં તબીયતની મર્યાદાને કારણે હું હાજર રહી શકું તેમ નથી તે માટે ક્ષમા યાચું છું. ભાઈશ્રી ખીમચંદભાઈએ આપણી વિવિધ સંસ્થાઓને નિઃસ્વાર્થ ભાવે જે વિશિષ્ટ સેવાઓ આપી છે. તે આપણા બધા માટે અનુકરણીય છે.

શ્રી ખીમચંદભાઈના તૈલ ચિત્ર દ્વારા તેમની સ્મૃતિ કાયમ સાચવવાનો નિર્ણય અભિનંદનીય છે. આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે આપણા ભાઈશ્રી હરસુખલાલભાઈ સંઘવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તેમજ શેઠ શ્રી વાડીલાલભાઈને તથા પ્રમુખ તરીકે શ્રી વિનયકાન્તભાઈ મહેતાને મેળવી શકયા છીએ તે પણ આપણું સદ્‌ભાગ્ય ગણું છું. શ્રી આત્માનંદ જૈન સભાએ જૈન સાહિત્યની જે રીતે ઉત્તમ સેવા કરી છે તે જોતાં સંસ્થાના પ્રમુખશ્રીના સન્માન સમારંભ સમયે તે દિશામાં યુનિવર્સિટી શિક્ષણની કોઈક કાયમી વ્યવસ્થા થાય તેવું પગલું આપ સહુ વિચારો તેવું નમ્ર સુચન કરવાનું પ્રલોભન રોકી શકતો નથી. ખરી રીતે આપણી પ્રાચીન સંસ્કૃતિનો પ્રજામાં યોગ્ય રીતે પ્રચાર થાય તે માટે આવું શિક્ષણ સર્વ દર્શનો માટે આવશ્યક છે. પરંતુ આજના સમારંભને જૈન સંસ્કૃતિના પ્રચાર અર્થે સીધો સંબંધ હોઈ તેનો નિર્દેશ અહીં કર્યો છે. ભાઈશ્રી ખીમચંદભાઈને તેમનું અસલ સ્વાસ્થ્ય સત્વરે પ્રાપ્ત થાય અને લાંબો સમય આ સમાજની સેવા કરી શકે તેવી પ્રભુને પ્રાર્થના કરૂં છું.

લિ. : જગુભાઈ પરીખના વંદન
દ : ભાઈચંદભાઈ અ. શાહ

## તાર–સંદેશ

PRESIDENT JAIN ATMANAND SABHA BHAVNAGAR

O 1965 APM 1029 BOMBAY 18 66 Date : 18-9-75

I join with you all in paying my respects and tributes to revered SHRI KHIMCHANDBHAI SHAH for unparallelled services rendered by him to Jain community and also to the cause of education. He was my Guru and my Fathers Friend. I wish him peacefull life. Hope his advice and guidance will always be available.

—BHASKAR VITHALDAS SHAH

KAMALINI H. BHANSALI
Registrar Women's Uuiversity BOMBAY-400 020

351 / 75-76 September 19 1975

Dear Shri Shah,

Thank you very much for your letter inviting me to attend the felicitation function for Shri K. C. Shah. I am happy that the people of Bhavnagar have arranged the function to felicitate Shri Shah, who has given his self-less services to the Sabha especially in the field of women's education. I regret my inability to attend the function but I send my best wishes to Shri K. C Shah.

Yours sincerely,
Kamalini Bhansali



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ડૉ. શ્રીમતી મધુરીબેન શાહ, વાઈસ ચાન્સેલર એસ.એન.ડી.ટી. યુનિવર્સીટી–મુંબઈ

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર, એમના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ખીમચંદભાઈ શાહની અનેક વર્ષો સુધીની નિસ્વાર્થ સેવાના બહુમાન અર્થે એક સમારંભ યોજે છે ત્યારે હું પૂર્વ યોજાયેલા કાર્યક્રમને લીધે આવી શકું એમ નથી, પણ આ પ્રસંગે તેમના પ્રત્યેની મારી સન્માનની ભાવના વ્યક્ત કરતા મને અત્યંત હર્ષ થાય છે.

નિઃસ્વાર્થભાવે મૂક સેવા કરવી એ જેનો જીવનમંત્ર છે એવી આ કાર્યશીલ, પ્રગતિમય રહેતી વ્યક્તિ સદા વાચન, ચિંતન ને મનનના ત્રિવેણીસંગમ તટે સદા સ્વૈરવિહાર કરતા રહે છે એજ એનો નિજાનંદ છે.

શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ તરીકે અદા કરેલી તેમની અમૂલ્ય સેવા વ્યક્ત કરવા શબ્દોનો સહારો લેવો વ્યર્થ છે! એના અંગત પરિચયમાં આવેલી પ્રત્યેક વ્યક્તિ આ વિભૂતિની સેવાવૈભવની ગાથા ગાઈ શકે!

સદા સ્મિતસુહાગી, રાગદ્વેષથી અલિપ્ત, સામી વ્યક્તિને સ્વવર્ચસ્વથી આંજી નાખનાર છતાંય સદા સમભાવી ને સહાનુભૂતિશીલ આ મહાનુભાવની સજ્જનતાની પ્રતીતિ આપવાની આવશ્યકતા નથી, કારણકે એ સદા સ્વયંભૂ બની રહે છે.

શ્રી. ખીમચંદભાઈ બહુધા તો વ્યક્તિ મટી એક સંસ્થા બની જાય છે. જૈન આત્માનંદ સભા, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ, અને તેની સંલગ્ન શ્રીમતી નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કૉલેજ ભાવનગર, સાથેનું તાદાત્મ્ય એના વ્યક્તિત્વને વિસરાવી તેમને સાક્ષાત્ સંસ્થા બનાવી દે છે.

આવી વિવિધલક્ષી કાર્યરત જિન્દગાની સદા પ્રવૃત્તિમય બની રહે અને એ સાથે એ આરોગ્યશીલ રહી, દીર્ઘાયુ બની રહે એજ અંતર્યામીને અભ્યર્થના. —મધુરીબેન શાહ.

### મુંબઈથી માનદ્ મંત્રીશ્રી મહાવીર જૈન વિદ્યાલય

"સભાના ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેનાર પ્રસંગે અમારે હાજર રહેવું જોઈએ પણ હાજર રહેવાનું શકય નથી જે બદલ આપ ક્ષમા આપશો.

શ્રી ખીમચંદભાઈની સભા અને સંઘની સેવાનું મુલ્યાન કરવું કઠીન છે સભાના ઈતિહાસમાં તેઓની અજોડ સેવા સુવર્ણાક્ષરે અંકિત રહેશે."

### મુંબઈથી અરવિન્દલાલ લલ્લુભાઈ મજમુદાર

"શ્રી ખીમચંદભાઈએ સેવાર્થે જે જે ક્ષેત્રોમાં પદન્યાસ કર્યો છે ત્યાં ત્યાં તેમનાં વિદ્વતા, ધૈર્ય, કુનેહ, સામાના દષ્ટિબિન્દુને સમજવાની તત્પરતા ઈત્યાદિ તેમના ગુણોને લીધે તેનણે સંગીન સફળતા મેળવી છે, એમના માર્ગદર્શન વડે શ્રી આત્માનંદ સભાએ ખૂબ પ્રગતિ કરી છે, અને એક સામાન્ય સંસ્થામાંથી એ આજે એક પ્રસિદ્ધ સંસ્થા બની છે તેમાં શ્રી ખીમચંદભાઈનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. આશા છે કે તેમની નિવૃત્ત અવસ્થામાં પણ તેઓશ્રી સભાને પોતાનું અનુભવ–પક્વ માર્ગદર્શન આપ્યા કરશે.

સમારંભને હું સર્વપ્રકારે સફળતા ઇચ્છુ છુ"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમદાવાદથી ડો. માધવલાલ સુખલાલ શાહ

શ્રી જૈન આત્માનંદ સભાએ આત્મલક્ષી પ્રમાણ કરનારા સાધકો માટે પ્રકાશન દ્વારા જે અમૂલ્ય સાહિત્ય બહાર પડયુ છે તેનો યતકિંચિત લાભ મને મારા પરમ મિત્ર ખીમચંદભાઈ દ્વારા છેલ્લા ત્રણ માસમાં થયો છે તે જીવનપર્યંત ભૂલીશ નહિ તેથી પ્રથમ હું શ્રી જૈન આત્માનંદ સભાનો તથા આપ સૌ કાર્યકરોનો શુદ્ધ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરૂં છું અને જૈન સિદ્ધાંતો અને આદર્શો સમાજમાં વિશેષ પ્રસરે તેવા પ્રકાશનો ઉત્તરોત્તર પ્રસિદ્ધ કરે તેવી મારી નમ્ર પ્રાર્થના કરૂં છું.

"જન્મે વાણીયા અને કર્મે બ્રાહ્મણ" એવા પૂર્વજન્મના સંસ્કારો વડે શ્રી ખીમચંદભાઈ અને હું સને ૧૯૧૬-૧૭માં શામળદાસ કોલેજમાં ભેગા થયા તેઓશ્રી મારા કરતાં વિશેષ તેજસ્વી અને તેમના પિતાશ્રીનો વારસો શૈક્ષણિક ક્ષેત્રે લઇને આવેલા, તેથી ગણિત શાસ્ત્રના વિષયમાં નિષ્ણાત થઇને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રાધ્યાપક તરીકે જોડાઇ ગયા અને નિવૃત્ત વય મર્યાદા સુધી એકધારી કર્તવ્ય નિષ્ઠાથી મૂક એવા માતૃ સંસ્થાની પ્રતિષ્ઠા વધારવા ઓતપ્રોત થઈ ગયા. મારા ભાગ્યોદયે મારા પરમ મિત્ર ખીમચંદભાઈનું વ્યક્તિત્વ અલૌકિક અને અદ્વિતીય છે તેમના સમય શક્તિ અને કૌશલ્યનો ઉપયોગ વ્યાપાર ક્ષેત્રે થયો હોત તો તે લક્ષાધિપતિ થઇ શકત અને લક્ષ્મીનું દાન કરત. વિધાતાએ તેમના માટે સરસ્વતી દેવીની ઉપાસના નિર્માણ કરેલી તેથી વિદ્યા ધન મેળવ્યું અને જેજે શિક્ષણ સંસ્થાઓમાં કાર્યક્ષેત્ર અપનાવ્યું તે બધી સંસ્થાઓ સાથે એકાકાર થઇને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું.

શ્રી જૈન આત્માનંદ સભાના ભૂતપૂર્વ પ્રમુખ તરીકે માનદ અને અવેતન કર્તવ્યનિષ્ઠા બતાવી છે તે માટે તેમને અભિનંદન આપીએ તેમજ તેમનો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

બગસરાથી દેશાઇ જગજીવનદાસ જે.

આ બધા સમાચાર વાંચીને ખૂબ આનંદ થયો સાથે થોડુક દુઃખ પણ થયું દુઃખ એટલા માટે કે તેઓશ્રી વર્ષો સુધી પોતાની સેવા સમાજને અર્પણ કરતા રહેલ હતા આજે તેઓશ્રી નિવૃત્ત થાય છે તેનું દુઃખ. તેઓશ્રીના દિલમાં સમાજની સેવા કરવાની ઉત્કંઠાના પ્રવાહો સતત વહેતાજ રહ્યા છે અને વહેતાજ રહેશે તેઓશ્રીની આવી ઉત્તમ ભાવના સમાજને આશીર્વાદરૂપ બની જાઓ.

ત્રીશ ત્રીશ વર્ષ સુધી સમાજને પોતાની સેવા અર્પણ કરનાર સમાજ રત્નો બહુ અલ્પ સંખ્યામાં આપણને જોવા મળશે જૈન સમાજે જૈન સભાએ તેઓશ્રીના રાજીનામા અંગે કરેલા ઠરાવોના સંદર્ભમાં તેઓશ્રી પ્રત્યે લાગણીના પૂર વહાવ્યાં છે તે સમાજ ધન્યવાદને પાત્ર છે.

મુંબઇથી સભાના ઉપપ્રમુખ હીરાલાલ ભાણજીભાઇ

મુરબ્બી શ્રી ખીમચંદભાઇને જે માનપત્ર અપાય છે તે ઘણું જ યોગ્ય છે તેઓએ સંસ્થાને ખુબજ ઉત્સાહ અને ઉમંગથી સેવા આપી છે અને સંસ્થાના વિકાસમાં તેમનું શાણપણ અને કુશાગ્ર બુદ્ધીનો ઘણોજ ફાળો છે તેમના સાથે કામ કરવામાં અમોને સહકાર્યકરોને પણ તેમની હુંફ અને માર્ગદર્શન સાંપડયા છે.

મુંબઇથી મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ

ખીમચંદભાઇએ સભા ઉપરાંત ત્યાંની અનેક સંસ્થાઓને પ્રશંસનીય સેવા આપી છે. તેઓ માનને માટે સંપૂર્ણ આધકારી છે. તેમની તંદુરસ્તીની જાળવણી અંગે હવે નિવૃત્ત થવાનો પ્રસંગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉભો થયો તે અનિવાર્ય છે તેઓ હજુ અનુકુળ સ્વાસ્થ્ય ખુબ ભોગવે તથા આપણને માર્ગ સુચન કરતા રહે તે જ અભ્યર્થના.

બોરસદથી પૂજ્ય પંન્યાસશ્રી ચંદનવિજયગણિવર્ય

આપનો પત્ર વાંચી જાણ્યું કે આપ આત્માનંદ સભામાંથી નિવૃત્ત થયા છો જાણી ખેદ કારણ આપના જેવા નિડર પ્રમુખ મળવા મુશ્કેલ છે જેવા વલ્લભભાઈ હતા તેવા જ આપ છો

વડોદરા, પ્રાચ્ય વિદ્યા મંદિરના નિયામક શ્રી ભોગીલાલ જ. સાંડેસરા

"શ્રી આત્માનંદ સભા" દ્વારા માનનીય શ્રી ખીમચંદભાઈએ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યની ઉન્નતિમાં બહુમૂલ્ય પ્રદાન કર્યું છે, સભારંભને સફળતા ઈચ્છુ છું.

અજવાળીબહેન પંડિત, અમદાવાદ

શ્રી ખીમચંદભાઈએ પોતાની વિદ્વત્તાને શોભે એ રીતે આત્માનંદ સભાનું અને આત્માનંદ પ્રકાશનું જે યોગ્ય સંચાલન કરીને ભાવનગરની જૈન જનતાની તથા બીજા જૈન તથા અજૈન ભાઈઓની જે બહુમૂલ્ય સેવા કરેલ છે તેનું કોઈ પ્રકારે મૂલ્ય આંકી શકાય તેમ નથી, છતાં સભા જે સમારંભ ઉજવે છે તે પ્રશંસનીય છે. સમારંભને ફતેહ ઈચ્છીએ છીએ

દિલ્હીથી શ્રીમતી ધૈર્યબાળાબેન પંડિત

મુરબ્બી શ્રી ખીમચંદભાઈ સર્વ પ્રથમ તો ગણિત વિદ્યાના પ્રાધ્યાપક. તેમણે સર્વ કાર્યોમાં પ્રાધ્યાપક જેવીજ ધીરજ અને ગણિત સાથે જડાયેલી ચોકસાઈભરી કાર્યદક્ષતાનો ઉત્તમ નમૂનો રજૂ કર્યો છે.

પુરુષ વર્ગમાંજ નહિ, સ્ત્રી સમાજમાં પણ ઘરમાં કે તેમના કાર્યક્ષેત્રમાં તેમણે અનોખુ સ્થાન અને દુર્લભ માન પ્રાપ્ત કર્યા છે.

મુ. શ્રી. ખીમચંદભાઈને સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ ઈચ્છું છું.

પાલીતાણાથી ડૉ. ભાઈલાલ એમ. બાવીશી

"મુ. શ્રી ખીમચંદભાઈએ સંસ્થાના વિકાસમાં નોંધનીય ફાળો આપ્યો છે. સભાના 'આત્માનંદ પ્રકાશ'માં મનનીય લેખો લખી તેમજ અન્ય લેખકો પાસેથી આગ્રહપૂર્વક લેખો મેળવી આ માસિકને વિકસિત કરવામાં ખૂબ જ જહેમત લીધી છે.

મુ. શ્રી ખીમચંદભાઈ સંસ્થાના ભાવિ વિકાસમાં સલાહ સૂચનો અને માર્ગદર્શન આપતા રહી પોતાના લાંબા અનુભવનો લાભ આપ્યા જ કરશે. સમારંભને શુભેચ્છા ઈચ્છું છું.

અમદાવાદથી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ

"શ્રી શાહ સાહેબે કેવળ શ્રી જૈન આત્માનંદ સભાની જ નહિ, પણ ભાવનગરના જૈન સંઘની તેમજ ભાવનગરની મહિલા કોલેજ મારફત ભાવનગર શહેરના કન્યા કેળવણીના ક્ષેત્રની, નિઃસ્વાર્થભાવે અને નિજાનંદની ખાતર એના માનદ આચાર્ય તરીકે વર્ષો સુધી સેવા કરી છે. તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દૃષ્ટિએ તેઓ બહુમાનના અધિકારી બન્યા છે. તેમને મારા આદરપૂર્વક પ્રણામ.

પ્રો. શ્રી પ્રતાપરાય મોદી સાહેબ

કોલેજમાં અમે ઘણા વર્ષ સાથે કામ કર્યું. તમારા પુસ્તકાલયમાંથી કુમ્માપુરી ચરિય, સ્યાદ્વાદ મંજરી તથા વેદના પુસ્તકો ઈસ્યુ કરાવી હું તે ગ્રન્થો શામળદાસ કોલેજમાં શીખવતો. તે વખતે એફ. વાય.માં પાંચ સિવાય બધા એટલે લગભગ ૬૫ વિદ્યાર્થીઓ માગધિ લેતા તેમને હું તમારી લાઈબ્રેરીની મદદથી શીખવતો ત્યારે શાહ સાહેબની ભલામણથી હું એ પુસ્તકો મેળવી કોલેજમાં શીખવતો. આ બધા કાર્યોમાં શાહ સાહેબે સાથ અને સહકાર આપ્યો છે.

શામળદાસ કોલેજમાં એમ. એ. સુધી માગધિનું અધ્યાપન થાય તેવી સગવડ થાય તેમ ઇચ્છું છું.

શ્રી શાહ સાહેબને શાન્તિમય નિવૃત્તિ અને સુખમય જીવન ઇચ્છું છું.

માયસોરના પ્રોફેસર ઓફ જૈનોલોજી એન્ડ પ્રાકૃત ડો. શ્રી એ. એન. ઉપાધ્યે

I convey my respects to Shriman Khimchand Bhai Shah for his valuable setvices rendered to the Shri Jain Atmanand Sabha.

Such dedieated workers are rare in these days, and hence his services are all the more valuable.

May he enjoy sound health Peace of mind and spiritual satisfaction.

આ ઉપરાંત નીચે મુજબ ભાઈઓના સંદેશાઓ આવેલ છે.

શ્રી બેચરલાલ નાનચંદ શાહ–ભાવનગર, શ્રી શાન્તિલાલ ચાંપશી શાહ–મુંબઈ, શ્રી લલિતભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી–ભાવનગર, શ્રી સોમચંદ ડી. શાહ–સંપાદક 'સુઘોષા'–પાલીતાણા, શ્રી ભગવાનદાસ જૈન–જયપુર સીટી રાજસ્થાન, શ્રી નાનચંદ તારાચંદ શાહ–મુંબઈ, શ્રી ભૂરાભાઇ–અમદાવાદ, શ્રી ફૂલચંદ હરીચંદ દોશી–મુંબઇ, શ્રી મણીલાલ વી. શેઠ–મુંબઇ, શ્રી ચંદુલાલ ટી. શાહ–મુંબઈ, શ્રી લાલચંદભાઇ ગાંધી–વડોદરા, શ્રી દલસુખભાઈ માલવણીયા–અમદાવાદ, શ્રી જયંત એમ. શાહ–મુંબઇ, શ્રી અમરચંદ માવજી શાહ–તળાજા.

**સમારંભ પછી મોડા મળેલા તાર સંદેશાઓ નીચે મુજબ છે—**

**સૌભાગ્યચંદ દફતરી ધ્રાંગધ્રા, શાન્તીલાલ કપાસી મુંબઇ, ચીમનલાલ ભાવરીયા એન્ડ પોપટલાલ મુંબઈ, કાન્તીલાલ ભગવાનદાસ મુંબઈ, શશીકાન્તભાઈ પુરુષોતમ ઝવેરી, મુંબઇ, શ્રી વાડીલાલ અને શ્રીમતી વનલીલા સુરત.**

**અન્ય સંદેશાઓ :—શ્રી છોટાલાલ ગિરધરલાલ મુંબઇ.**

# આભાર દર્શન

**શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સભાના ભૂતપૂર્વ પ્રમુખશ્રી પ્રોફેસર ખીમચંદભાઇ ચાંપશી શાહના સન્માનાર્થે યોજાયેલ તા. ૨૧–૯–૭૫ના સન્માન સમારંભ વખતે સભાના અને મુરબ્બીશ્રી ખીમચંદભાઇના સ્નેહી સ્વજનો શુભેચ્છકો તરફથી અભિનંદન અને સમારંભની સફળતા ઇચ્છતા સંદેશાઓ આવેલા તેઓ સર્વનો વ્યક્તીગત આભાર માનવાનું શકય ન હોય આ પત્ર દ્વારા તેઓ સર્વ મહાનુભાવો તેમજ સંસ્થાઓનો આથી અંતકરણ પૂર્વક આભાર માનીયે છીએ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

તરફથી

## વિદ્વદ્વર્ય પ્રિન્સિપાલ શ્રીમાન્ ખીમચંદભાઇ ચાંપશી શાહને

# સન્માન પત્ર



**આત્મીય બન્ધુ,**

આજે જ્યારે લગભગ ત્રણ દાયકા સુધી ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાની અનન્ય સેવા કરી નાદુરસ્ત સ્વાસ્થ્યના કારણે આપ સભાના પ્રમુખપદેથી નિવૃત્ત થઈ રહ્યા છો ત્યારે અમો સભાના કાર્યવાહકો અને સભ્યો તેમજ શુભેચ્છકો સૌ આપની સેવામાં આ માનપત્ર સમર્પિત કરી અનેરો આનંદ અને કૃતકૃત્યતા અનુભવી રહ્યા છીએ.

**સન્માનનીય બન્ધુ,**

જ્યારથી અત્રેની શામળદાસ કોલેજ સાથે આપ જોડાયા અને આપનો કાયમી નિવાસ ભાવનગરમાં કર્યો ત્યારથી આપનો અત્રેના સ્થાનિક સંઘ સાથેનો સંપર્ક ક્રમશઃ વિકસતો રહ્યો, નગરના પ્રતિષ્ઠિત આગેવાન અને આ સભાના પ્રમુખશ્રી સ્વ. શ્રી ગુલાબચંદ આણંદજી કાપડીઆના સંપર્કમાં આવતા તેઓશ્રીના આગ્રહથી આપ આ સભાના આજીવન સભ્ય બન્યા અને પછી સં. ૨૦૦૨માં સભાના ઉપપ્રમુખ બન્યા અને સં. ૨૦૧૪થી આપે તેનું પ્રમુખપદ સંભાળ્યું. સભાના કાર્યદક્ષ મંત્રીશ્રી સ્વ. શ્રી વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધી અને સતત્ પ્રયત્નશીલ પ્રમુખશ્રી સ્વ. શ્રી ગુલાબચંદભાઈ આણંદજી કાપડીઆ તેમજ સભાના ઉપ-પ્રમુખ વિદ્વદ્વર્ય સ્વ. શ્રી ફતેહચંદ ઝવેરભાઇના વહીવટ અને પ્રકાશનાદિ કાર્યોની જવાબદારી સ્વીકારી આપે સભાને જે સિદ્ધિ અને પ્રસિદ્ધિ અપાવી તે નોંધપાત્ર છે.

શ્રી જૈન આત્માનંદ સભાનો એક વિશિષ્ટ હેતુ જૈનધર્મ તથા જૈન સંસ્કૃતિના પાયાના પ્રમાણભૂત ગ્રંથોને સંશોધિત કરી પ્રકાશિત કરવાનો છે. એ સાથે આકર ગ્રંથો પૂ. સાધુ–સાધ્વીજી મહારાજો અને જૈન–જૈનેતર વિદ્વાનોને સુપ્રાપ્ય કરાવવાનો છે. આ કામગીરીમાં આપે પૂજ્ય મુનિવર્યોનો સાથ અને સહકાર મેળવવામાં અદમ્ય ઉત્સાહ દાખવ્યો છે; ખાસ કરીને અમૂલ્ય ગ્રંથોના પ્રકાશનોમાં પ. પૂ. સ્વ મુનિશ્રી પુણ્યવિજયજી મ૦ સા૦, પૂ૦ મુનિશ્રી જંબૂવિજયજી મ૦ સા૦નો આપને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયાનું યાદગાર રહેશે. આવા અનુપમ પ્રકાશનો દ્વારા જ આ સભાને દેશ વિદેશમાં બેનમૂન પ્રસિદ્ધિ મળી છે જેમાં આપશ્રીનો સવિશેષ ફાળો છે.

શ્રી જૈન આત્માનંદ સભાનું નામ વિશ્વની પ્રસિદ્ધ પ્રાચ્ય વિદ્યા સંસ્થાઓમાં જાણીતું થયું છે, એ સાથે ચીનની સામ્યવાદી સરકાર પાસેથી કેટલાક બૌદ્ધ ગ્રંથોના તિબેટન અનુવાદોની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માઈક્રો ફીલ્મ પ. પૂ૦ સ્વ૦ મુનિશ્રી પુણ્યવિજયજી મ૦ સા૦ અને પ પૂ૦ મુનિશ્રી જંબૂવિજયજી મ૦ સા૦ તેમજ આપશ્રીના અવિરત પ્રયાસોથી સભાને ભેટ મેળવીને સભાના ગ્રંથાલયને સમૃદ્ધ બનાવ્યું છે. આવી સાહિત્ય સમૃદ્ધિ આપની દુરંદેશીના પરિણામરૂપ છે.

**કર્તવ્યનિષ્ઠ બન્ધુ,**

સભાના માસિક "આત્માનંદ પ્રકાશ"ના વર્ષો સુધીના આપના સંપાદન કાર્યથી જ્ઞાન પ્રચારનું નિયમિત કાર્ય થયાનું પણ અવિસ્મરણીય રહેશે.

આ ઉપરાંત શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાસંઘના ઉપ-પ્રમુખપદે રહી, શ્રી દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહના ઉપ-પ્રમુખ પદે રહી તેમજ શ્રી અમૃતલાલ પુરુષોત્તમ જૈન ધર્મશાળાના ટ્રસ્ટીપદે રહી આપે જૈન સમાજની ધાર્મિક, શૈક્ષણિક તેમજ સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓને આપની કુશાગ્ર બુદ્ધિ અને દીર્ઘદ્રષ્ટિભર્યા કીંમતી માર્ગદર્શનનો લાભ આપ્યો છે જે પ્રશંસનીય તેમજ અનુકરણીય એવમ્ અનુમોદનીય છે.

આ સર્વ સાથે યશકલગીરૂપ આપની સેવાઓ અહીંની શ્રીમતી નર્મદાબેન ચત્રભૂજ ગાંધી મહિલા કોલેજની સ્થાપનાથી સતત્ ૨૨ વર્ષો સુધી તદ્દન અવૈતનિક માનદ્ સેવાઓ આપીને આપે આ કોલેજને આ પ્રદેશની એક ઉત્તમ શૈક્ષણિક સંસ્થા બનાવીને શૈક્ષણિકક્ષેત્રે અનુપમ અને અજોડ સેવા આપી છે, જેને સૌરાષ્ટ્રની શિક્ષણ અને સંસ્કારપ્રિય મહિલાઓ કયારેય નહી ભૂલી શકે. નિવૃત્ત જીવનને આવી સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં વીતાવી આપે વાનપ્રસ્થાશ્રમનું એક સુંદર ઉદાહરણ સમાજને પૂરૂ પાડયું છે.

**સ્નેહી સ્વજન,**

આપનો સદા આનંદી, સ્નેહપૂર્ણ માયાળુ સ્વભાવ, નિઃસ્વાર્થ સેવાભાવના, અવિરત વિદ્યોપાસના, કર્તવ્યપરાયણતા, સાદાઈ, સચ્ચાઈ તથા વિનમ્રતા આદિ સદ્ગુણોથી આપના તરફની અમો સૌની હાર્દિક ભાવનાઓ અને આદરના પ્રતીકરૂપ આ સન્માન પત્ર આપને અર્પણ કરી અમો ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

અંતમાં શ્રી શાસનદેવ આપને તંદુરસ્તીભર્યું દિર્ઘાયુ અને સમાજ અને શાસન સેવાના વિશેષ યશનામી કાર્યો કરવાની શક્તિ અને અનંત આત્મબળ બક્ષે એજ પ્રાર્થના સહ.

અમો છીએ આપના ગુણાનુરાગી,

| | | |
|---|---|---|
| સમારંભ સ્થળ : | ગુલાબચંદ લલ્લુભાઈ શાહ | જાદવજી ઝવેરભાઇ શાહ |
| શ્રી જૈન આત્માનંદ સભા | પ્રમુખ | હીરાલાલ જુઠાલાલ શાહ |
| શેઠશ્રી ભોગીલાલ લેકચર હોલ | મનસુખલાલ તારાચંદ મહેતા | માનદ્ મંત્રીઓ |
| ભાવનગર | હીરાલાલ ભાણજીભાઈ શાહ | રમણલાલ અમૃતલાલ શેઠ |
| | ઉપ-પ્રમુખો | ખજાનચી |
| સમય : | સમારંભ પ્રમુખ : | શ્રી જૈન આત્માનંદ સભા |
| રવિવાર તા. ૨૧-૯-૭૫ | શ્રી વિનયકાન્ત કે. મહેતા | ભાવનગર |
| સવારના ૧૦-૦૦ | | |



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવૃત્તિ અને બહુમાન

ભાવનગરની સુપ્રસિદ્ધ પ્રકાશન સંસ્થા શ્રી જૈન આત્માનંદ સભાએ જૈન સાહિત્યના પ્રાચીન, શાસ્ત્રીય તેમ જ વિવિધ વિષયનાં સંખ્યાબંધ પુસ્તકોનું આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધન–સંપાદન કરાવીને, સુઘડ, આકર્ષક અને સ્વચ્છ-રૂપમાં પ્રકાશન કરીને જૈન વિદ્યાના–ક્ષેત્રમાં કામ કરતા દેશ–વિદેશના જૈન તેમ જ અન્ય વિદ્વાનોમાં ઘણી નામના મેળવી છે; અને એ રીતે છેલ્લાં પોણોસોથી પણ વધુ વર્ષ દરમ્યાન જૈન ધર્મ, સંઘ અને સાહિત્યની ખૂબ મહત્ત્વની સેવા બજાવીને જૈનશાસનની મૂકપણે પ્રભાવના કરવામાં અગત્યનો અને નોંધપાત્ર ફાળો આપ્યો છે.

શ્રી જૈન આત્માનંદ સભાની આવી ઉજ્જવળ અને યશનામી કારકિર્દીમાં પ્રશાંતમૂર્તિ અને જીવંત સમભાવ સમા સાચા શ્રમણ શ્રેષ્ઠ પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ, આજીવન વિદ્યાસાધક અને વ્યવહારદક્ષ એમના શિષ્ય મુનિરત્ન શ્રી ચતુરવિજયજી મહારાજ તેમ જ શ્રી ચતુર્વિજયજી મહારાજના શિષ્ય રત્ન આગમ-પ્રભાકર, શ્રુતશીલવારિધિ, જ્ઞાનમૂર્તિ, મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ—એ મુનિ ત્રિપુટીનો ફાળો અસાધારણ અને બેનમૂન કહી શકાય એવો હતો. ઉદારચિત્ત અને વત્સલ શ્રમણશ્રેષ્ઠોની આ ત્રિપુટીના પ્રેર્યા અન્ય અનેક મુનિવરો અને ગૃહસ્થ વિદ્વાનોની કીમતી સેવાનો લાભ પણ આ સંસ્થાને મળતો રહ્યો છે. આ મુનિ ત્રિપુટીની એક વિશેષતા એ હતી કે તેઓ આ સંસ્થાના પ્રકાશનો આધુનિક સંશોધનકળાની દૃષ્ટિએ ઉત્તમ કોટિના અને આંતરરાષ્ટ્રીય ધોરણની કસોટીએ પણ ઉત્તમ પુરવાર થાય એ વાતનું જેમ ધ્યાન રાખતા હતા, તેમ આવા પ્રકાશનો માટે સંસ્થાને નાણા સંબંધી મુશ્કેલીમાં મુકાવું ન પડે એનો પણ હમેશાં ખ્યાલ રાખતા હતા.

આ સંસ્થાના ઉત્કર્ષમાં જેમ આ મુનિવરો, અન્ય મુનિવરો તથા ગૃહસ્થોનો મહત્ત્વનો ફાળો હતો, તેમ આ સંસ્થાનું ઉત્તમ રીતે સંચાલન થતું રહે અને સંસ્થાની નામના-પ્રતિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો થતો રહે એ માટે આ સંસ્થાના સંચાલક મહાનુભાવોની ધ્યેયલક્ષી, નિષ્ઠાભરી અને આત્મીયતાની લાગણીથી પ્રેરાયેલી કામગીરીનો ફાળો પણ કંઇ નાનો સૂનો નથી. રથના બે ચક્રોની જેમ તેઓએ પણ પોતાની સંસ્થાના ઉત્કર્ષ માટે ખૂબ મન દઈને કામ કર્યું છે, અને એમ કરીને તેઓશ્રી સંઘનાં અભિનંદન અને ધન્યવાદના અધિકારી બન્યા છે. જે સંસ્થાને ભાવનાશીલ અને નિષ્ઠાવાન કાર્યકરો મળતા રહે છે તે બડભાગી છે; અને એવી સંસ્થાઓ જ પ્રગતિ કરીને શ્રીસંઘ અને સમાજની સેવા બજાવી શકે છે. શ્રી જૈન આત્માનંદ સભા આવી જ ઉત્તમ સંસ્થા છે.

છેલ્લા કેટલાક દાયકાથી આ સંસ્થાના સંચાલનનું મુખ્ય સુકાની તરીકેનું પદ (પ્રમુખપદ) જાણીતા કેળવણીકાર, ભાવનગર જૈન સંઘના એક વગદાર આગેવાન અને ભાવનગર શહેરના એક જાણીતા નાગરિક પ્રો. શ્રી ખીમચંદભાઈ ચાંપશી શાહ સંભાળતા હતા. એમણે પોતાની કાર્ય-કુશળતા, બાહોશી અને સહજ સાહસિકતાને લીધે, તેમજ પોતાના સાથી કાર્યકરોનો સાથ અને વિશ્વાસ મેળવીને, આ સંસ્થાના ઉત્કર્ષમાં જે ફાળો આપ્યો છે તેમજ પોતાના સાથીઓ તથા સમાજના અન્ય કાર્યકરોનો જે ફાળો અપાવ્યો છે, તેની વિગતો શ્રી જૈન આત્માનંદ સભાની વિસ્તૃત કાર્યવાહીના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી અંકિત થાય એવી છે. સૌને સાથે રાખીને સ્વયં આગળ વધવાની અને સંસ્થાને આગળ વધારવાની એમની આવડત અને કુનેહ વિરલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જરૂર લાગે ત્યારે, કોઇને સ્પષ્ટ વાત કહેવાની એમની હિંમત અને નવા કે મોટા કામની જવાબદારી લેવાની એમની સાહસીકતા દાદ માગી લે એવી છે. એમના પરિચયમાં આવનાર વ્યક્તિને એમનામાં રહેલ ખમીર અને કાર્યસૂઝનો ખ્યાલ સહજરૂપેજ આવી જાય છે.

વળી, શ્રી શાહ સાહેબે જૈન સંઘના એક તેજસ્વી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર તરીકે ભાવનગરના સંઘની પણ યાદગાર સેવા બજાવી છે; તેમજ એસ. એન. ડી. ટી. સંચાલિત ભાવનગરની કન્યા કોલેજનું માનદ આચાર્યપદ, નિઃસ્વાર્થભાવે અને નિષ્ઠાપૂર્વક, વર્ષો સુધી સફળ રીતે શોભાવી જાણ્યું હતું, તે એમની સેવાવૃત્તિ, કેળવણીભક્તિ અને અદમ્ય ધ્યેયનિષ્ઠાની કીર્તિગાથા બની રહે અને બીજાઓને માટે દાખલારૂપ બની રહે એવી છે.

આ રીતે સતત કર્તવ્યપરાયણ અને કાર્યરત જીવનની પોણો સો વર્ષ જેટલી મજલ પૂરી કરીને સત્તાસ્થાને ગમે તેમ કરીને ચાલુ રહેવાની પામરવૃત્તિથી સાવ અલિપ્ત એવા શ્રી ખીમચંદભાઇ એકાદ વર્ષ પહેલાં કન્યા કોલેજના આચાર્યપદેથી નિવૃત્ત થયા હતા; અને એજ ભાવનાથી પ્રેરાઇને તાજેતરમાં તેઓ શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખપદ જેવા માનભર્યા સ્થાનેથી સ્વેચ્છાએ નિવૃત્ત થયા છે એજ બતાવે છે કે તેઓને મન પોતાના પદ કરતાં સંસ્થાનું હિત કેટલું મહત્વનું છે. આ રીતે રાજીનામાં આપીને શ્રી શાહ સાહેબે ઉત્તમ દાખલો પૂરો પડ્યો છે. આ માટે અમે તેઓને હાર્દિક ધન્યવાદ અને અભિનંદન આપીએ છીએ. અને તેઓની નિવૃત્તિને આવકારવાની સાથે તેઓ આ નિવૃત્તિનો સુખ–શાંતિથી લાંબો સમય ઉપભોગ કરે એવી શુભેચ્છા દર્શાવીએ છીએ.

શ્રી ખીમચંદભાઇની લાંબા સમયની નિષ્ઠાભરી સેવાઓ પ્રત્યે પોતાની કૃતજ્ઞતાની લાગણી બતાવીને એમના સેવાભાવનું બહુમાન કરવા માટે શ્રી જૈન આત્માનંદ સભાના સંચાલકોએ ગયા રવિવારે (તા. ૨૧–૯–૭૫ના રોજ) એમને માનપત્ર અર્પણ કરવાની સાથે સભામાં એમનું તૈલચિત્ર મુકાવ્યું છે તે સર્વથા ઉચિત થયું છે. આવો સ્તુત્ય નિર્ણય કરવા બદલ અમે સંસ્થાના સંચાલકોને અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ.

“જૈન સાપ્તાહિક તા. ૨૭–૯–૭૫ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત”

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## અભ્યાસના ઉત્તેજનાર્થે ૧૯૭૫–૭૬ માટે આર્થિક સહાય

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી શરૂ થએલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, અંધેરી, અમદાવાદ પૂના, વડોદરા, વલ્લભવિદ્યાનગર અને ભાવનગરના વિદ્યાર્થીગૃહોમાં રહેતા લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય અને સગવડ આપે છે. તે ઉપરાંત ૧૯૭૫–૭૬ માટે ઉચ્ચ શિક્ષણ લેતી બહેનોને રૂ ૧૮,૨૦૦) વિદ્યાર્થીગૃહો બહાર રહી ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂ. ૩૮,૮૩૭) ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લોન સ્કોલરશિપ રૂ. ૯૭૫૦) શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ફંડમાંથી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૨૪૩૮) અને પરદેશ અભ્યાસ માટે રૂ. ૪૫૦૦૦) મળી કુલ રૂ. ૧,૧૪,૨૨૫) આર્થિક સહાય શિક્ષણના ઉત્તેજનાર્થે મંજૂર કરેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તક પરિચય

મનસુખલાલ તારાચંદ મહેતા.

* (૧) 'ચિંતનની કેડી' પ્રવચનકાર : મુનિરાજશ્રી પદ્મસાગરજી ગણિ. પ્રકાશક : શા. બુધાલાલ બબલદાસ. ઠે. બીપિન ઇન્ડસ્ટ્રીઝ. ૧૫ ગૌશાલા, બડામંદિર, ત્રીજો ભોઇવાડો, ભુલેશ્વર, મુંબઇ નં. ૨ ૧૨+૧૨૮=૧૪૦ મૂલ્ય લખેલ નથી.

યોગનિષ્ઠ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન અને સુશિષ્ય મુનિરાજશ્રી પદ્મસાગર ગણિજીએ વ્યાખ્યાન વખતે આપેલા અનેક બોધદાયક દૃષ્ટાંતોનો આ પુસ્તકમાં સંગ્રહ છે. આવા ૭૨ દૃષ્ટાંતોનો સમાવેશ આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે. જેવી એમની મધુર અને મોહક વાણી છે તેવા જ ઉત્તમ આ ટૂંકા દૃષ્ટાંતો છે. આપણા ધર્મસૂત્રોમાં પદો જેમ નાના હોવા છતાં તેનો ઉપદેશ અગાધ છે, તેમ આ દૃષ્ટાંતો ટૂંક હોવા છતાં તેનો ઉપદેશ મહાન છે. આપણે ત્યાં કથાઓનું માહાત્મ્ય અનેરું છે. તેનું કારણ એ છે કે, લોકમાનસ જ્ઞાનને કથાના રૂપમાં જ સ્વીકારે છે. જે જ્ઞાન વાર્તાનું રૂપ ધારણ કરીને સરળ નથી બનતું તે જ્ઞાન લોકમાનસમાં પચી શકતું નથી. પુસ્તકમાંના બધા દૃષ્ટાંતો ચિંતનમાં ઉપયોગી થાય તેમજ ચિંતનમાં પ્રેરે એવા છે. બાળક, યુવાન, પ્રૌઢ અને વૃદ્ધો સૌને પોતપોતાની રૂચિ પ્રમાણે આમાંથી ચિંતનની પ્રસાદી મળી રહે તેવું છે.

* (૨) 'જૈન ધર્મ'. લેખક ડો. રમણલાલ ચી. શાહ, પ્રકાશક પરિચય ટ્રસ્ટ. મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઇ નં. ૧. મૂલ્ય રૂ. ૦–૭૫. આવૃત્તિ પહેલી. માત્ર બે ફર્માઓનું આ પુસ્તક હોવા છતાં, જૈન તેમજ જૈનેતર તમામને આ પુસ્તકમાંથી 'જૈનધર્મ'નું પાયાનું જ્ઞાન પ્રાપ્ત થઇ શકે તેવું અમૂલ્ય આ પુસ્તક છે. જૈનધર્મ વિષેની મહત્ત્વની બાબતો જેવી કે નવ તત્ત્વો, કર્મ સિદ્ધાંત, પાંચ મહાવ્રતો, ગૃહસ્થના બાર વ્રતો, બાર ભાવના, યતિધર્મ તેમજ અનેકાંતવાદ વિગેરેની સમજુતિ ટૂંકામાં પણ સરસ રીતે સમજાવવામાં આવી છે. લેખકે સાચુ જ કહ્યું છે કે, "જૈન ધર્મ કોઇ એક જ્ઞાતિ કે સંપ્રદાયનો ધર્મ નથી. એમાં રાષ્ટ્ર, જાતિ કે વર્ણનો કોઇ ભેદ ભાવ નથી. જૈન ધર્મે જીવનની પ્રત્યેક પ્રકારની પરિસ્થિતિનો સૂક્ષ્મતમ વિચાર કર્યો છે અને ગમે તેવી પરિસ્થિતિવાળા માણસને માટે પણ આત્મોન્નતિનો રાહ દર્શાવ્યો છે." જૈન ધર્મ કહે છે કે પતન કે વિકાસ એ જ નીચ ઉચ્ચના સૂચક છે. જન્મગત ઉચ્ચ નીચના ભેદો માનવા એ તો કેવળ ભ્રમ છે. લેખકની દૃષ્ટિ વિશાળ છે અને જૈન ધર્મનું હાર્દ પણ આ વસ્તુમાં જ રહેલું છે.

* (૩) 'ચિત્ત સ્થૈર્યની કેડીઓ' લેખક : પૂજ્ય મુનિશ્રી અમરેન્દ્રવિજયજી. પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ નં. ૧. પાના : ૩૨ કિંમત રૂ. ૧–૦૦.

જૈનધર્મ નિર્દિષ્ટ, સઘળીયે બાહ્યચર્યાનું લક્ષ્ય સમત્વનો વિકાસ તથા ધ્યાનમાં પ્રવૃત્તિ અને પ્રગતિ દ્વારા આત્મદર્શન અને અંતે સ્વરૂપ રમણતા છે. શ્રીમદ્ આનંદઘનજીએ પણ એક સ્તવનમાં સ્પષ્ટ કહ્યું છે કે, "નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહિયે રે;" સ્વરૂપ સાથે ચિત્તનું અનુસંધાન કર્યા વિના, ચિત્તમાં પડેલા તૃષ્ણા, રાગ, દ્વેષ અને મોહ અવિદ્યાના સંસ્કારોની જડ ઉખેડી શકાતી નથી. તેથીજ આપણા એક કવિએ સાચુંજ કહ્યું છે કે, 'જ્યાં લગી આતમતત્ત્વ ચિન્ત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' કેવા પ્રકારની એકાગ્રતા ઉપાદેય છે અને કેવા પ્રકારની હેય છે, તેનું પણ સરસ નિરુપણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

* (૪) 'સાધનાનું હૃદય' લેખક અને પ્રકાશક ઉપર મુજબ. પાન ૬+૭૪. કિંમત રૂા. ૩-૨૫ આ પુસ્તકમાં 'સાધનાનો રાજપથ' 'અંતર્મુખતાની ક્ષધન સાધના-ત્યાગ અને કાયોત્સર્ગ' અને 'પાયાનું કામ' એમ ત્રણ પ્રકરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફ્રોઈડના વિચારોથી પ્રભાવિત થયેલો એક વર્ગ આજે એમ માનતો વિચારતો થયો છે કે, "કામ એ માણસની સહજ વાસના છે, એને રુંધવી ન જોઇએ." આજના ફૂટી નીકળેલાં કેટલાક કહેવાતા અગર પરાણે થઇ બેઠેલા ભગવાનો પણ યુવાનોને આવો ઉપદેશ આપી બહેકાવી દે છે. લેખકે આ વાતનો રદિયો આપતાં કહ્યું છે કે, "આપણા આર્ષ દૃષ્ટાઓ કામને જીવનમાં અદમ્ય આવેગ તરીકે પિછાની શક્યા હતા, અને એથી આગળનું તથ્ય પણ એમણે અનુભવ્યું હતું. તેઓ એ જોઇ શક્યા હતા કે સંસારનો નાનો મોટો દરેક જીવ ચાર અદમ્ય વૃત્તિઓ-આહાર, ભય, મૈથુન અને પરિગ્રહથી પ્રેરાઇને જીવન સંઘર્ષ ચલાવી રહ્યો છે, છતાં 'એ પ્રાકૃતિક આવેગો છે' એમ કહીને એ વૃત્તિઓને તાબે થઈ જવાની વાત એમણે ન કરી."

અમેરિકા જેવા રિદ્ધિસિદ્ધિથી ભરેલા દેશમાં થઈ ગયેલા સુપ્રસિદ્ધ વિચારક અને લેખક સ્વ. સી. જે. વાનલીટે તેના Conquest of the Serpent ગ્રંથમાં લખ્યું છે કે "સાચું કહીએ તો દમન એ જીવન માટે સ્વાભાવિક અને અત્યંત આવશ્યક ગુણ છે. જીવનમાં બધાંજ ક્ષેત્રોમાં આ ગુણ કેળવ્યા વિના કશું સંગીન કાર્ય થઈ શકતું નથી."

આ મહત્ત્વના વિષય ઉપરાંત સાધકને ઉપયોગી થાય એવા અનેક મુદ્દાઓની આ ગ્રંથમાં લેખકે ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું છે. લેખક વિચારક અને ઊંડા ચિંતનકાર છે, અને તેમનું માત્ર આ એકજ પુસ્તક નહીં, પણ તમામ પુસ્તકો ઘરમાં વસાવવાને લાયક છે. યોગના અભ્યાસીઓ અને સાધકો માટે તો લેખકના પુસ્તકો શિક્ષકની ગરજ સારે તેવા છે. કાગળો, પ્રિન્ટીંગ વિ. ના ભાવો આસ્માને ગયા છે, એટલે ગ્રંથનું મૂલ્ય વધારે હોવા છતાં વ્યાજબી છે. પરંતુ એક સૂચન કરવાનું મન થાય છે. આપણા જૈન સંઘોનાં જ્ઞાન ખાતાઓમાંથી આવા ઉત્તમ પુસ્તકોને આર્થિક સહાય આપવામાં આવે તો જાહેર પ્રજાને આવા અમૂલ્ય-અપ્રાપ્ય ગ્રંથો સસ્તા ભાવે પ્રાપ્ત થઈ શકે.

## ભગવાન મહાવીરની ૨૫૦૦મી ઉજવણીનો "જૈન"નો માહિતી વિશેષાંક

ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણક મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે ભાવનગરથી નીકળતા જૈન સાપ્તાહિકે ૪૦૦થી વધુ પાનાનો દળદાર વિશેષાંક પ્રગટ કરવાનું નક્કી કર્યું છે. દીવાળી બાદ તુરતમાં પ્રકટ થનાર આ વિશેષાંકમાં આ વરસ દરમિયાન દેશ અને વિદેશમાં ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવની ઉજવણી અંગે જે જે ધાર્મિક અને રાષ્ટ્રીય કાયક્રમો અને આયોજનો થયા છે તેની સચિત્ર માહિતી આપવાનો પત્રનો હેતુ છે. આ પત્રના તંત્રીના જણાવ્યા મુજબ ઉજવણી અંગેના તમામ સમાચાર ભગવાન મહાવીર ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવ માહિતી વિશેષાંક C/o. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ, ૨૧૯ એ, કીકા સ્ટ્રીટ, ગોડીજી બીલ્ડીંગ, બીજે માળે, મુંબઈ-૨ ના સરનામે મોકલી આપવા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માંદાની માવજતનો મહિમા

ભગવાન મહાવીરે મોહનીય કર્મ બાંધવાના ૩૦ કારણો બતાવ્યા છે, તેમાં છઠ્ઠું કારણ સમજાવતાં ભગવાને કહ્યું છે કે માંદાની, પ્રેરણા દ્વારા કે પોતાની સેવા કરવાની શકતી હોવા છતાં જે કોઈ મહાઘોરિ પરિણામી ઔષધીની માગણી આદી કામ ન કરે તે પણ મહા મોહનીય કર્મ બાંધે છે. માંદાની માવજત (સેવા કરવી), એ શ્રી જિનનો ઉપદેશ છે.

આ બાબતમાં ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છે : હે ભગવન ! જે માંદાની માવજત કરે તે ધન્ય છે કે જે આપને દર્શનથી પામે એ ધન્ય છે ?

**ભગવન** :– હે ગૌતમ જે માંદાની માવજત કરે છે તે ધન્ય છે.

**ગૌતમ** :– ભગવન ! આપ એવું શા ઉપરથી કહો છો !

**ભગવન** :– હે ગૌતમ જે માંદાની સેવા કરે છે તે મને દર્શનથી પામે છે ( અર્થાત ) જે મને દર્શનથી પામે છે તે બીમારની સેવા કરે છે. આજ્ઞાનુ પાલન કરવું તે અરહંતોનું દર્શન છે તેથી જ હે ગૌતમ ! હું એમ કહુ છું કે જે માંદાની માવજત કરે છે તે મને દર્શનથી પામે છે ( અર્થાત ) જે મને દર્શનથી પામે છે તે માંદાની સેવા કરે છે.

(આવશ્યક હારિભદ્રી. પૃ. ૬૬૧ તથા દશાશ્રુત સ્કંધ અધ્યાય ૯. )

માંદાની માવજત એ પણ પ્રભુને પામવાનો એક માર્ગ છે, એ સેવાલક્ષી વિચારનું બીજ આ પ્રશ્નોતરમાં જોવા મળે છે. જૈન ધર્મમાં વૈય્યાવચ્ચનો–સેવા ભાવનાનો–સેવા પરાયણતાનો જે મહીમા વર્ણવવામાં આવ્યો છે તે બરાબર સમજીને મનન અને અમલ કરવા યોગ્ય છે.

શ્રી રતિલાલ દીપચંદ દેશાઈ લિખિત 'ગુરૂ ગૌતમસ્વામી'માંથી સાભાર ઉધ્ધૃત.

# સ્વર્ગવાસ નોંધ

**સંસ્કૃત–પ્રાકૃત ભાષાના વિદ્વાનની ચિરવિદાય.**

મહીસુર યુનિવર્સિટીના જૈનોલોજી અને પ્રાકૃત વિભાગના વડા ડૉ. આદિનાથ નેમિનાથ ઉપાધ્યેના તા. ૮–૧૦–૭૫ના રોજ કોલ્હાપુર મુકામે થયેલ અવસાનના સમાચારથી અમે ખૂબજ ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવીએ છીએ.

સ્વર્ગસ્થ શ્રી એ એન. ઉપાધ્યે પ્રાકૃત ભાષાના અને જૈન દર્શનશાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. તેઓશ્રીને સંસ્કૃત ભાષાના નિષ્ઠાપૂર્વકના અભ્યાસી તરીકે રાષ્ટ્રપતિ તરફથી ગયા સ્વાતંત્ર્યદિને તા. ૧૫ મી ઓગષ્ટે સર્ટીફીકેટ ઓફ ઓનર અર્પણ કરવામાં આવ્યું હતું. મહીસુર યુનિવર્સિટીમાં જૈન ચેરના પ્રાધ્યાપક તરીકે તેઓશ્રીએ સુંદર કામગીરી બજાવી સારો યશ પ્રાપ્ત કરેલ.

આપણી આત્માનંદ સભા પ્રત્યે અને આપણા પ્રકાશનો અંગે તેમના દિલમાં ખૂબ આદરની લાગણી હતી. પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજીએ સંપાદિત અને સંશોધિત કરેલ આ સભાના 'દ્વાદશાર નયચક્ર'ની પ્રકાશન વિધિ તેઓશ્રીના હસ્તે થયેલ, તે પ્રસંગે તેઓશ્રીએ આપણી સભાની કાર્યવાહી અને પ્રકાશનો અંગે ખૂબજ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

અમે તેમના આત્માને ચિરસ્થાયી શાન્તિ ઇચ્છીએ છીએ અને તેમના કુટુમ્બીજનો પર આવી દુઃખ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.



For Private And Personal Use Only

# દેના બેંક
# કૅશ સર્ટિફિકેટ

ખરીદીને હવે ૨૦ વર્ષમાં

આપનાં નાણાં

**આઠગણા**થી

અધિક કરો !

**રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને**
**રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.**

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લોન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી થનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

| મુદત | વેચાણ કિંમત | પાકતી મુદતે મળનારી રકમ |
|---|---|---|
| ૨૦ વર્ષ | રૂ. ૧૩.૬૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૧૩૬.૪૬ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૬૮૨.૩૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૧,૩૬૪.૬૨ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૬,૮૨૩.૦૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૧૩,૬૪૬.૧૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૫ વર્ષ | રૂ. ૨૨.૪૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૨૨૪.૫૨ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૧૨૨.૬૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૨,૨૪૫.૨૧ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૧,૨૨૬.૦૭ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૨૨,૪૫૨.૧૩ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૦ વર્ષ | રૂ. ૩૬.૯૪ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૩૬૯.૪૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૮૪૭.૦૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૩,૬૯૪.૦૭ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૮,૪૭૦.૩૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૩૬,૯૪૦.૭૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| વર્ષ | રૂ. ૫૫.૦૨ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૫૫૦.૧૮ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૨,૭૫૦.૮૯ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૫,૫૦૧.૭૮ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૨૭,૫૦૮.૮૯ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૫૫,૦૧૭.૭૮ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૬૧ મહિના | રૂ. ૬૦.૨૮ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૦૨.૭૭ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૦૧૩.૮૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૦૨૭.૬૬ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૦,૧૩૮.૨૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૦,૨૭૬.૫૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૪ વર્ષ | રૂ. ૬૯.૮૬ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૯૮.૬૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૪૯૩.૦૭ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૯૮૬.૧૪ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૪,૯૩૦.૭૧ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૯,૮૬૧.૪૧ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ | રૂ. ૭૬.૪૧ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૭૬૪.૧૫ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૮૨૦.૭૪ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૭,૬૪૧.૪૯ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૮,૨૦૭.૪૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૭૬,૪૧૪.૯૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩

Ratan Batra/DB/G/27B

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ પ્રકાશની

# વાર્ષિક અનુક્રમણિકા : સંવત ૨૦૩૧

## ગદ્ય વિભાગ


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | નૂતન વર્ષના મંગળ પ્રવેશે | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪ |
| ૨. | ભગવાન મહાવીર | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૯ |
| ૩. | જીવનની પ્રયોગશાળા | .... | અનુવાદઃ અભ્યાસી | ૧૮ |
| ૪. | મહા વૈયાકરણ આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરી | .... | શ્રી રંજનસૂરીદેવ<br>અનુવાદ કા. જ દોશી રક્તતેજ | ૨૦ |
| ૫. | ભગવાન મહાવીરની કરુણામય દૃષ્ટિ | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૪ |
| ૬. | તીર્થક્ષેત્ર શત્રુંજય | .... | લે. હરિહરસિંહ અનુવાદ : રક્તતેજ | ૨૬ |
| ૭. | તપ અને જપ | .... | ઉપાધ્યાય શ્રી અમર મુનિ મહારાજ | ૨૭ |
| ૮. | સાચી ઓળખાણ | .... | આચાર્યશ્રી કસ્તૂરસૂરિજી | ૨૯ |
| ૯. | ભગવાન મલ્લિનાથ | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૩૪ |
| ૧૦. | શ્રાદ્ધ પ્રતિક્રમણના સૂત્રો, નામાન્તરો અને વિષય વૈવિધ્ય | .... | હિરાલાલ ર. કાપડિયા | ૩૭ |
| ૧૧. | સાધુ ઐસા ચાહિયે | .... | મકરન્દ દવે | ૪૧ |
| ૧૨. | શ્રદ્ધાનું પરિબળ | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૩ |
| ૧૩. | એબ્રાહમ લિંકનના કેટલાક જીવન પ્રસંગો | .... | મૂ. લે. સુકુલ કલાર્થી<br>અનુવાદઃ મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૫ |
| ૧૪. | ગ્રંથાવલોકન | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૮ |
| ૧૫. | ધન્ય સાધ્વીજી | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૪૦ |
| ૧૬. | આચાર્ય હરિભદ્રસૂરિનો દાર્શનિક દૃષ્ટિકોણ | .... | મૂ. લે. સુશીલા જૈન<br>અનુવાદઃ કા. જ. દોશી રક્તતેજ | ૫૩ |
| ૧૭. | મંછાભૂત અને શંકા ડાકણ | .... | ધનસુખલાલ મહેતા | ૫૬ |
| ૧૮. | ધર્મનું સાચું સ્થાન આપણું હૃદય છે | .... | પૂ. કેદારનાથ | ૫૯ |
| ૧૯. | એબ્રાહ્મ લિંકનના કેટલાક જીવન પ્રસંગો | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૬૨ |
| ૨૦. | જૈન સમાચાર | .... | — | ૬૪ |
| ૨૧. | શ્રી વીર જન્મકલ્યાણક | .... | દેસાઇ જગજીવનદાસ જૈન | ૬૭ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૨. | ધન્ય ધન્ના અણગાર | ડૉ. ભાઈલાલ બાવીશી | ૬૯ |
| ૨૩. | ભગવાન મહાવીરનો માંગલિક વારસો | હિન્દી: સુખલાલજી ગુ.: કા જ. દોશી | ૭૧ |
| ૨૪. | વીર વિભુની જીવન ઝરમર | પૂ. ૐકારશ્રીજી | ૭૬ |
| ૨૫. | બ્રાહ્મણ અને શ્રમણ | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૮૧ |
| ૨૬. | ઝેર કે અમૃત | ઝવેરભાઇ બી. શેઠ | ૮૫ |
| ૨૭. | નિર્વાણ મહોત્સવ | ભાનુમતિ દલાલ | ૮૭ |
| ૨૮. | ભ. મહાવીર અને નારી પ્રતિષ્ઠા | ખીમચંદ ચાંપશી શાહ | ૮૯ |
| ૨૯. | માનવ મનની ભીતરમાં | મનસુખલાલ તારાચંદ મહેતા | ૯૩ |
| ૩૦. | ભગવાન મહાવીરની અપૂર્વસાધના | દલસુખભાઇ માલવણિયા | ૯૭ |
| ૩૧. | ભક્તવત્સલ ભગવાન | હેમચન્દ્રવિજયજી ગણિ | ૯૯ |
| ૩૨. | શ્રી ભગવતી સૂત્ર સારસંગ્રહ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૦૩ |
| ૩૩. | ભગવાન મહાવીરનો સંદેશ | ભોગીલાલ જ. સાંડેસરા | ૧૦૭ |
| ૩૪. | શ્રીયુત ખીમચંદભાઇ ચાંપશી શાહનો નિવૃત્તિ સન્માન સમારંભ | — | ૧૧૦ |
| ૩૫. | ચિંતન કણિકા | કિશોરલાલ ઘ. મશરૂવાલા | ૧૧૨ |
| ૩૬. | અનેકાન્તવાદ અને પ્રભુની વાણી | નર્મદાશંકર શાસ્ત્રી | ૧૧૪ |
| ૩૭. | શ્રાદ્ધ પ્રતિક્રમણના સૂત્રો નામાન્તરો અને વિષય | હિરાલાલ ર. કાપડિયા | ૧૧૬ |
| ૩૮. | ભગવાન મહાવીરને શ્રદ્ધાંજલિ | લાલચંદ ભગવાનદાસ ગાંધી | ૧૧૯ |
| ૩૯. | પ્રેમ અને ધિક્કાર | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૨૩ |
| ૪૦. | સત્યવાદી શોભન શેઠ | રતીલાલ મફાભાઈ શાહ | ૧૨૬ |
| ૪૧. | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજીનો જ્ઞાન વૈભવ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૩૦ |
| ૪૨. | ચક્રવર્તીનું રુદન | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૩૭ |
| ૪૩. | આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની યોગ શક્તિ | શાંતિલાલ કે. મહેતા | ૧૩૯ |
| ૪૪. | વિચાર શ્રેણી | સ્વ.આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજીમ. | ૧૪૨ |
| ૪૫. | વાસનાનું સૂક્ષ્મબીજ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૪૭ |
| ૪૬. | વીરમર્દ ખુશાલ ચેખલીયા | રતિલાલ મફાભાઈ શાહ | ૧૫૧ |
| ૪૭. | વાણીનો સંયમ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૫૩ |
| ૪૮. | સં. ૨૦૨૯ ની સાલનો હિસાબ-સરવૈયું | — | ૧૫૮ |
| ૪૯. | અહિંસાત્મક આરાધના | પં. લાલચન્દ્ર ભગવાનદાસ | ૧૬૫ |
| ૫૦. | મહાવીરનો વિચાર સમન્વય | રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૬૮ |
| ૫૧. | આદર્શ વિભૂતિ | સાધ્વીજી મહારાજશ્રી ૐકારજી | ૧૭૩ |
| ૫૨. | પઢે પોપટ-પ્યારૂં-અકારૂં | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૭૭ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૫૩. | સુજાતાની ક્ષમાવૃત્તિ | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૭૯ |
| ૫૪. | ત્યાગ-દાન આચરણ | ... | ભાનુમતિ દલાલ | ૧૮૩ |
| ૫૫. | વાણીનો સંયમ | ... | ખીમચંદ ચાંપશી શાહ | ૧૮૫ |
| ૫૬. | બ્રહ્મદત્ત ચક્રવર્તી | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૮૯ |
| ૫૭. | સુખ અને શાંન્તિ | ... | ઉપાધ્યાયશ્રી અમર મુનિ | ૧૯૩ |
| ૫૮. | સ્વાસ્થ્ય અને મનોવૃત્તિઓ | ... | સાધ્વી શ્રી કનકશ્રીજી | ૧૯૫ |
| ૫૯. | આત્માની ઝાંખી | ... | મકરન્દ દવે | ૧૯૯ |
| ૬૦. | ખીમચંદભાઇ ચાંપશી શાહનું નિવેદન | ... | — | ૨૦૩ |
| ૬૧. | ખીમચંદ ચાંપશી શાહના પત્ર ઉપરનો ઠરાવ | ... | — | ૨૦૫ |
| ૬૨. | અબ્રહ્મ-મૃત્યુ | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૦૯ |
| ૬૩. | સન્માન-સમારંભ | ... | — | ૨૧૩ |
| ૬૪. | પ્રત્યુત્તર | ... | ખીમચંદ ચાંપશી શાહ | ૨૧૯ |
| ૬૫. | સન્માન સમારંભમાં આવેલ સંદેશાઓ | ... | — | ૨૨૩ |
| ૬૬. | સન્માન-પત્ર | ... | — | ૨૨૯ |
| ૬૭. | નિવૃત્તિ અને બહુમાન | ... | — | ૨૩૧ |
| ૬૮. | પુસ્તક પરિચય | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૨૩૩ |
| ૬૯. | માંદાની માવજતનો મહિમા | ... | શ્રી રતિલાલ દીપચંદ | ૨૩૫ |
| ૭૦. | વાર્ષિક અનુક્રમણિકા | ... | — | ૨૩૭ |
| ૭૧. | પેટ્રનની નામાવલી | ... | — | ૨૪૧ |


卐

## પદ્ય વિભાગ


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી મહાવીર સ્તુતિ | ... | ડૉ. ભગવાનદાસ મ. મહેતા | ૧ |
| ૨. | અનંત ઉપકારી શ્રી વીર જિનેશ્વર | ... | આચાર્ય મહારાજશ્રી વિજયકસ્તૂરસૂરીજી મહારાજ | ૨ |
| ૩. | વન્દ્યસ્તુતિ પાઠ | ... | પં. હેમચન્દ્રવિજય ગણિ | ૧૫ |
| ૪. | સુવિચાર | ... | ન્યાયવિજય | ૧૭ |
| ૫. | જીવનનું મૂલ્ય | ... | અનંતરાય જાદવજી | ૩૩ |
| ૬. | કાવ્ય અષ્ટપદી | ... | ઝવેરી મૂલચંદ આશારામ | ૪૯ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૭. | ભૂલી જવું | ... | અનંતરાય જાદવજી | ૬૫ |
| ૮. | નવકાર મહિમા અષ્ટક | ... | મુનિ પ્રદ્યુમ્નવિજય | ૬૬ |
| ૯. | ભગવાન મહાવીરની જીવન યાત્રા | ... | અમરચંદ માવજી શાહ | ૮૦ |
| ૧૦. | નવકાર સ્તવન | ... | પ્રદ્યુમ્નવિજય મહારાજ | ૧૧૩ |
| ૧૧. | જ્ઞાનથી ચેતજો | ... | આ. બુદ્ધિસાગરસૂરિજી | ૧૨૯ |
| ૧૨. | નવકાર સ્તવન | ... | હેમચન્દ્રવિજયજીના શિષ્ય પ્રદ્યુમ્નવિજય | ૧૪૫ |
| ૧૩. | આધ્યાત્મિક આનંદ | ... | અનંતરાય જાદવજી શાહ | ૧૬૪ |
| ૧૪. | તમે ગુણાનુરાગી બનજો | ... | દેસાઇ જગજીવનદાસ જૈન | ૧૬૪ |
| ૧૫. | શ્રી દિવાલી પર્વનું સ્તવન | ... | આચાર્યશ્રી વિજયદક્ષસૂરીજી | ૨૦૭ |
| ૧૬. | ભ. મહાવીર પ્રભુનું જન્મકુંડલીનું સ્તવન | ... | શ્રી વીરવિજયજી ઉપાધ્યાય | ૨૦૮ |


## પંજાબ કેશરી આચાર્યશ્રી વિજયવલ્લભસુરિજીના સ્વર્ગારોહણની મુંબઇમાં થયેલ ઉજવણી

પંજાબકેશરી યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ સાહેબની ૨૧મી સ્વર્ગારોહણ જયંતિ મુંબઇમાં શ્રી આત્માનંદ જૈન સભા અને બીજી સંસ્થાઓના ઉપક્રમે શ્રી ગોડીજી ઉપાશ્રય, વિજયવલ્લભ ચોકમાં પૂ. આ. શ્રી વિજયમેરૂપ્રભસૂરિજી, પૂ. આ. શ્રી વિજય દેવસૂરિજી આદિની નિશ્રામાં બુધવાર તા. ૧-૧૦-૭૫ના રોજ ગુણાનુવાદની જાહેર સભા થઇ હતી. અતિથિ વિશેષ તરીકે શ્રી ભાનુશંકર યાજ્ઞિક પધાર્યા હતા.

પ્રારંભમાં સૌનું સ્વાગત શ્રી રસીકભાઇ કોરાએ કર્યું હતું. શ્રી મોતીલાલ વિરચંદ શાહ, શ્રી જે. એમ. શાહ, શ્રી કાંતીલાલ ઉજમશી શાહ, શ્રી નવિનચંદ્ર બી. ઝવેરી, શ્રી ખુબચંદ રતનચંદ વિ. એ આચાર્યશ્રીએ કરેલ વિપૂલ કાર્યોનો ખ્યાલ આપી અંજલી અર્પી હતી.

મહાપુરૂષોના ગુણો પોતાના જીવનમાં ઉતારવા ઉપાધ્યાય શ્રી હેમચંદ્રવિજયજી મહારાજે જણાવેલ. અપરિગ્રહ અને બ્રહ્મચર્યના બળે જ આચાર્યશ્રીએ અનેકવિધ કાર્યો કર્યાનું મુનિશ્રી પ્રદ્યુમનવિજયજીએ જણાવ્યું હતું. શ્રી ભાનુશંકર યાજ્ઞિકે આધ્યાત્મીક સંપત્તિમાં વધારો કરવા જૈન મુનિઓએ આગળ આવવા હાકલ કરી હતી. આ સભા પછી બપોરના સમાધિ મંદિરે, ભાયખલામાં ગુરૂભક્તિના ગીતો ગાયા હતા.

રાત્રે ૮-૩૦ વાગ્યે ભાયખલા દેરાસરના રંગમંડપમા શ્રી વીરજી નરસી સામીયાના પ્રમુખસ્થાને સભા થઇ હતી શ્રી ચાંપશીભાઇ હરસીભાઇ, શ્રી હીરજીભાઈ, શ્રી ચીમનલાલ પાલીતાણાકર, શ્રી રસીકભાઇ કોરા, શ્રી પ્રતાપભાઈ કે શાહે ગુણાનુવાદ કરી આચાર્યશ્રીને અંજલિ આપી હતી. પ્રમુખશ્રીએ આચાર્યશ્રીના કાર્યોનો ખ્યાલ આપી તેના પથ ઉપર ચાલવા દિશાસૂચન કર્યું હતું.

શ્રી રસીકલાલ બી. ઝવેરીના આભારદર્શન અને શ્રી સત્યપાલજી જૈન તથા શ્રી લખપતજી કોચર મંડળીના ભક્તિ ગીતો પછી સભા પૂરી થઇ હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભામાં અત્યાર સુધીમા થયેલાં માનવંતા પેટ્રન સાહેબોની નામાવલી

૧ શ્રી બાબુસાહેબરાય સીતાબચંદજી બહાદુર
૨ ,, હઠીસંગ ઝવેરચંદ
૩ ,, રાયબહાદુર સાહેબ વિજયસિંહજી
૪ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ઝવેરચંદ
૫ ,, બાલચંદજી છાજેડ
૬ ,, જીવણલાલ ધરમચંદ
૭ ,, બાબુસાહેબ બહાદુરસિંહજી સીંધી
૮ ,, ચંદુલાલ સારાભાઈ
૯ ,, રા. બ. કાંતિલાલ ઇશ્વરલાલ
૧૦ ,, માણેકચંદ જેચંદભાઇ
૧૧ ,, નાગરદાસ પુરૂષોતમ
૧૨ ,, રતિલાલ વાડીલાલ
૧૩ ,, માણેકલાલ ચુનીલાલ
૧૪ ,, નાનાલાલ હરીચંદ
૧૫ ,, કાંતિલાલ બકોરદાસ
૧૬ ,, રા. બ. નાનજીભાઇ લધાભાઇ
૧૭ ,, ભોગીલાલ મગનલાલ
૧૮ ,, રતિલાલ વર્ધમાન
૧૯ ,, પદમશી પ્રેમજીભાઇ
૨૦ ,, રમણીકલાલ ભોગીલાલ
૨૧ ,, મોહનલાલ તારાચંદ
૨૨ ,, જાદવજી નરશીદાસ
૨૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૨૪ ,, ચંદુલાલ ટી. શાહ
૨૫ ,, રમણીકલાલ નાનચંદ
૨૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૨૭ ,, દલીચંદ પરશોત્તમદાસ
૨૮ ,, ખાંતીલાલ અમરચંદ
૨૯ ,, રા. બ. જીવતલાલ પ્રતાપશી
૩૦ ,, અમૃતલાલ કાળીદાસ
૩૧ ,, ખુશાલદાસ ખેંગારભાઇ
૩૨ ,, કાંતિલાલ જેસંગભાઈ
૩૩ ,, બબલચંદ કેશવલાલ
૩૪ ,, ચંદ્રકાન્ત ઉજમશી
૩૫ શ્રી પુંજાભાઇ દીપચંદ
૩૬ ,, લક્ષ્મીચંદ દુર્લભદાસ
૩૭ ,, કેશવલાલ લલ્લુભાઈ
૩૮ ,, ઓધવજી ધનજીભાઈ સોલીસીટર
૩૯ ,, મણીલાલ વનમાળીદાસ
૪૦ ,, સારાભાઈ હઠીસંગ
૪૧ ,, રમણલાલ દલસુખભાઇ
૪૨ ,, કેશવલાલ વજેચંદ
૪૩ ,, જમનાદાસ મોનજી
૪૪ ,, વીરચંદ પાનાચંદ
૪૫ ,, હીરાલાલ અમૃતલાલ
૪૬ ,, ગીરધરલાલ દીપચંદ
૪૭ ,, પરમાણંદ નરશીદાસ
૪૮ ,, લવજીભાઇ રાયચંદ
૪૯ ,, પાનાચંદ લલ્લુભાઈ
૫૦ ,, કસ્તુરભાઇ લાલભાઈ
૫૧ ,, પરશોતમદાસ મનસુખલાલ
૫૨ ,, મનસુખલાલ દીપચંદ
૫૩ ,, છોટાલાલ મગનલાલ
૫૪ ,, માણેકચંદ પોપટલાલ
૫૫ ,, નગીનદાસ કરમચંદ
૫૬ ,, ડો. વલ્લભદાસ નેણશીભાઇ
૫૭ ,, સકરચંદ મોતીલાલ
૫૮ ,, પ્રાગજીભાઇ ઝવેરચંદ
૫૯ ,, ખીમચંદ લલ્લુભાઇ
૬૦ ,, પરશોતમદાસ સુરચંદ
૬૧ ,, કેશવજીભાઈ નેમચંદ
૬૨ ,, હાથીભાઈ ગુલાબચંદ
૬૩ ,, અમૃતલાલ ફુલચંદ
૬૪ ,, પોપટલાલ કેવળદાસ
૬૫ ,, ભગુભાઈ ચુનીલાલ
૬૬ ,, વનમાળીદાસ ઝવેરચંદ
૬૭ ,, બકુભાઇ મણીલાલ
૬૮ ,, ખીમચંદ મોતીચંદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૬૯ શ્રી ચીમનલાલ ડાયાભાઇ
૭૦ ,, રમણુલાલ જેશીંગભાઈ
૭૧ ,, મગનલાલ મૂળચંદ
૭૨ ,, નરોત્તમદાસ શામજીભાઈ
૭૩ ,, કેશવલાલ બુલાખીદાસ
૭૪ ,, મોહોલાલ મગનલાલ
૭૫ ,, ચીમનલાલ મગનલાલ
૭૬ ,, રતિલાલ ચત્રભુજ
૭૭ ,, પેપટલાલ ગીરધરલાલ
૭૮ ,, કાંતિલાલ હીરાલાલ કુસુમગર
૭૯ ,, લાલભાઇ ભોગીલાલ
૮૦ ,, સાકરલાલ ગાંડાલાલ
૮૧ ,, હરખચંદ વીરચંદ
૮૨ ,, ચંદુલાલ વર્ધમાન
૮૩ ,, છોટાલાલ ભાઇચંદ
૮૪ શ્રીમતી પ્રભાવતીબેન હરખચંદ
૮૫ શ્રી મનમોહનદાસ ગુલાબચંદ
૮૬ ,, કાંતિલાલ રતિલાલ
૮૭ ,, નૌતમલાલ અમૃતલાલ
૮૮ ,, જયંતિલાલ રતનચંદ
૮૯ ,, ભાણુજીભાઇ ધરમશી
૯૦ ,, પાનાચંદ ડુંગરશી
૯૧ ,, નાનકચંદ રીખવચંદ
૯૨ શ્રીમતી કમળાબેન કાંતિલાલ
૯૩ શ્રી રમણુલાલ નગીનદાસ
૯૪ ,, કપુરચંદ નેમચંદ
૯૫ ,, મંગળદાસ ગોપાળદાસ
૯૬ ,, રાયચંદ લલ્લુભાઈ
૯૭ ,, છોટુભાઇ રતનચંદ
૯૮ ,, હરગોવનદાસ રામજીભાઇ
૯૯ ,, નવીનચંદ્ર છગનલાલ
૧૦૦ ,, નવીનચંદ્ર જયંતિલાલ
૧૦૧ ,, શરદભાઈ જયંતિલાલ
૧૦૨ ,, તુલશીદાસ જગજીવનદાસ
૧૦૩ ,, નાનચંદ જુઠાભાઇ
૧૦૪ ,, ચંદુલાલ પુનમચંદ
૧૦૫ શ્રી સૌભાગ્યચંદ નવલચંદ
૧૦૬ ,, ચંપકલાલ કરશનદાસ
૧૦૭ ,, અમૃતલાલ ડાહ્યાભાઇ
૧૦૮ ,, મહીપતરાય વૃજલાલ
૧૦૯ ,, પોપટલાલ નરોત્તમદાસ
૧૧૦ ,, ગુલાબચંદ લાલચંદ
૧૧૧ ,, મનુભાઇ વીરજીભાઈ
૧૧૨ ,, ચંદુલાલ નગીનદાસ
૧૧૩ ,, મુળજીભાઇ જગજીવનદાસ
૧૧૪ ,, ચુનીલાલ ઝવેરચંદ
૧૧૫ શ્રીમતી લાછબાઇ મેઘજીભાઇ
૧૧૬ શ્રી સુખલાલ રાજપાળ
૧૧૭ ,, સુંદરલાલ મૂળચંદ
૧૧૮ ,, પ્રાણુજીવન રામચંદ
૧૧૯ ,, શાંતિલાલ સુંદરજી
૧૨૦ ,, પ્રાણલાલ કે. દોશી
૧૨૧ શ્રી ખાન્તીલાલ લાલચંદ
૧૨૨ ,, ચીમનલાલ ખીમચંદ
૧૨૩ ,, ભોગીલાલભાઇ જેઠાલાલ
૧૨૪ શ્રીમતિ કંચનબેન ભોગીલાલ
૧૨૫ શ્રી જયંતભાઇ માવજીભાઈ
૧૨૬ ,, ખુમચંદભાઇ રતનચંદ
૧૨૭ ,, સવાઇલાલ કેશવલાલ
૧૨૮ ,, નંદલાલભાઇ રૂપચંદ
૧૨૯ ,, જાદવજીભાઇ લખમશી
૧૩૦ ,, બાવચંદભાઈ મંગળજી
૧૩૧ ,, પોપટલાલ નરશીદાસ
૧૩૨ ,, ફુલચંદભાઇ લીલાધર
૧૩૩ ,, જીવરાજભાઈ નરભેરામ
૧૩૪ ,, માણેકલાલ ઝવેરચંદ
૧૩૫ ,, પ્રાણુલાલભાઇ મોહનલાલ
૧૩૬ ,, હરસુખલાલ ભાઇચંદ
૧૩૭ ,, ચંદુલાલભાઇ વનેચંદ
૧૩૮ ,, મનસુખલાલ હેમચંદ
૧૩૯ ,, પોપટલાલ મગનલાલ
૧૪૦ ,, કાન્તિલાલ હરગોવન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૧ શ્રી અમૃતલાલ કાળીદાસ
૧૪૨ ,, કાંતીલાલ ભગવાનદાસ
૧૪૩ ,, નગીનદાસ અમૃતલાલ
૧૪૪ ,, પોપટલાલ નગીનદાસ
૧૪૫ ,, ચીમનલાલ નગીનદાસ
૧૪૬ ,, દીપચંદભાઈ એસ ગાર્ડી
૧૪૭ ,, વાડીલાલભાઇ ચત્રભુજ
૧૪૮ ,, પન્નાલાલભાઈ લલ્લુભાઇ
૧૪૯ ,, તલકચંદભાઇ દામોદરદાસ
૧૫૦ ,, શ્રીમતિ ભાનુમતીબેન વાડીલાલ
૧૫૧ ,, શ્રી નાનચંદભાઈ તારાચંદ
૧૫૨ ,, હીરાલાલ જુઠાભાઇ
૧૫૩ શા. નારાણજી શામજીભાઈ
૧૫૪ ,, વીરચંદ મીઠાભાઇ
૧૫૫ શ્રીમતિ અંજવાળીબેન બેચરદાસ
૧૫૬ શ્રી પ્રભુદાસ રામજીભાઈ
૧૫૭ ,, જયંતીલાલ એચ.
૧૫૮ ,, વૃજલાલ રતિલાલ
૧૫૯ ,, ચીમનલાલ હરીલાલ
૧૬૦ ,, વિજેન્દ્રભાઈ હીંમતલાલ
૧૬૧ ,, શાન્તીલાલ બેચરદાસ
૧૬૨ ,, શામલજી ફુલચંદ
૧૬૩ ,, વૃજલાલ રતિલાલ

卐

# હાર્દિક અભિનંદન

જૈન સમાજના જાણીતા સમાજસેવક અને વિદ્વદ્વર્ય પં. શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ (અમદાવાદ)ને તેમના ગ્રન્થ 'ગુરુ ગૌતમસ્વામી'ની સુંદર વિદ્વત્તાપૂર્ણ રચના માટે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ (મુંબઇ) તરફથી સુવર્ણ-ચન્દ્રક આપવાનો નિર્ણય કરેલ છે તે માટે તે સંસ્થાને અને વિદ્વદ્વર્ય શ્રી રતિભાઈને અમારા હાર્દિક અભિનંદન.

'લાયક નરને લાયક માન' એ ન્યાયને યથાર્થ કરતો શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળનો આ નિર્ણય પ્રશંસનીય છે. પં. શ્રી રતિભાઈએ 'ગુરુ ગૌતમસ્વામી' ગ્રન્થની રચના કરવામાં અપૂર્વ જહેમત લીધી છે. આ ગ્રન્થને સર્વાંગ સંપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. 'ગુરુ ગૌતમસ્વામી' અંગે મળતા પ્રાચીનમાં પ્રાચીન સ્તવન, સ્તુતિ, દોહા વગેરે સાહિત્યક રચનાઓ, તેમના જીવનને લગતી સઘળી હકીકતો અને શક્ય એટલી વધારે માહિતી એકઠી કરી સુંદર સંશોધનપૂર્ણ ગ્રન્થ તૈયાર કરેલ છે તે બદલ લેખકશ્રીને પણ અમારા હાર્દિક અભિનંદન.

પ્રકાશન સમિતિ.

## આત્મકલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઈ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઇ હિમ્મતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઈબ્રેરી હોલમાં આસો સુદિ ૧૦ મંગળવારના રોજ આત્મવલ્લભ કૃત પંચ પરમેષ્ટીની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | रु. न. पै |
|---|---|
| १ वसुदेव हिण्डी–द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ट्ठा | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४. " " प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचित्तम्. | १०–०० |

•

### અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

*

### ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૬૨–૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨–૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫–૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫ |
| ૫ આદર્શ જૈન સ્રીરત્નો ભા. ૨ | ૩–૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪–૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨–૦ |
| ૮ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫ |
| ૯ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨–૦ |
| ૧૦ ધર્મ કૌશલ્ય | ૩–૦ |
| ૧૧ અનેકાન્તવાદ | ૩–૦ |
| ૧૨ નમસ્કાર મહામંત્ર | ૩–૦ |
| ૧૩ ચાર સાધન | ૩–૦ |
| ૧૪ ભગવાન મહાવીર યુગના ૩૫ સકો | ૩–૦ |
| ૧૫ જાણ્યું અને જોયુ | ૩–૦ |
| ૧૬ સ્યાદ્વાદમંજરી | ૧૭–૦ |
| ૧૭ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨–૦ |
| ૧૮ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬–૨ |
| કાચુ બાઈન્ડીંગ | ૫–૨ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only